## સુવિચાર

કબુલ કરવાની હિંમત અને સુધારી દેવાની દાનત હોય તો ભૂલમાંથી પણ ઘણું બધું શીખી શકાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




૧૫૦ ફૂટ રીંગ રોડ પર સ્કાય ડાયમંડની પાછળ જૈન ગાર્ડન રોડ પર પડેલા ખાડા લત્તાવાસીઓએ જાતે બુર્યા P-4

Year-16, Issue-72 ■ DATE : 01-07-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# આજથી રેલવે મુસાફરી અને ATMમાંથી નાણા ઉપાડવા મોંઘા બન્યા

**કોમર્શીયલ એલપીજી સિલિન્ડરમાં રૂ.૫૮નો ઘટાડોઃ તત્કાલ બુકિંગ માટે IRCTC એકાઉન્ટ આધાર સાથે લિંક હોવું જરૂરીઃ ટ્રેન ઉપડવાના ૮ કલાક પહેલા રિઝર્વેશન ચાર્ટ બનશે**




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આજથી એક નવો મહિનો એટલે કે જુલાઈ ૨૦૨૫ શરૂ થયો છે. આ મહિનો તેની સાથે કેટલાક ફેરફારો પણ લઈને આવ્યો છે. આજથી કેટલાક નવા નાણાકીય નિયમો લાગુ થવા જઈ રહ્યા છે, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડી શકે છે. આમાં પાન કાર્ડ, બેંકિંગ, રેલ્વે ટિકિટ બુકિંગ, એટીએમ અને ક્રેડિટ કાર્ડ સંબંધિત નિયમોનો સમાવેશ થાય છે. આવી સ્થિતિમાં આજથી કયા ફેરફારો થયા છે તે જાણવું તમારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે .જુલાઈ મહિનાની શરૂઆતમાં જ એલપીજીના વપરાશકારોને મોટી રાહત મળી છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ સિલિન્ડરના ભાવમાં મોટો ઘટાડો કર્યો છે અને તેના કારણે દિલ્હીથી મુંબઈ સુધી કોમર્શિયલ એલપીજી ગેસ સસ્તું થઈ ગયું છે.

એલપીજી સિલિન્ડરના સુધારેલા ભાવ આજથી એટલે કે ૧ જુલાઈ ૨૦૨૫ થી અમલમાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે આ વખતે પણ ઓઈલ કંપનીઓએ ૧૯ કિલોગ્રામના કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ઘટાડ્યા છે અને રાજધાની દિલ્હીમાં તે ૫૮ રૂપિયા જેટલું સસ્તું થયું છે. જ્યારે ૧૪ કિલોગ્રામના ઘરેલુ સિલિન્ડરના ભાવ યથાવત્ રાખવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં અગાઉ જૂન મહિનામાં પણ ઘટાડો કરવામાં આવ્યો હતો અને ૧ જૂન, ૨૦૨૫ ના રોજ આ સિલિન્ડર ૨૪ રૂપિયા સસ્તો કરવામાં આવ્યો હતો. તે સમયે પણ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં જ વધઘટ થઈ હતી. જ્યારે રાંધણ ગેસના ભાવ યથાવત્ રખાયા હતા.

આજથી રેલ્વે ટિકિટના ભાવમાં વધારો થયો છે. હવે એસી અને નોન-એસી બંને ટિકિટના ભાવમાં થોડો વધારો કરવામાં આવ્યો છે. નોન-એસી ક્લાસના ભાડામાં પ્રતિ કિલોમીટર ૧ પૈસા અને એસી ક્લાસના ભાડામાં પ્રતિ કિલોમીટર ૨ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, વેઈટિંગ ટિકિટની સંખ્યા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. દરેક વર્ગમાં કુલ બેઠકોના ૨૫ ટકાથી વધુ બેઠકો વેઈટિંગ ટિકિટ તરીકે આપવામાં આવશે નહીં.

આજથી, ફક્ત તે જ લોકો તત્કાલ ટિકિટ બુક કરાવી શકશે જેમનું IRCTC એકાઉન્ટ આધાર સાથે જોડાયેલું છે. ૧૫ જુલાઈથી ટિકિટ બુક કરાવતી વખતે આધાર સાથે લિંક કરેલા મોબાઈલ નંબર પર મળેલો OTP દાખલ કરવો ફરજિયાત રહેશે. જો OTP ભર્યો નહીં હોય તો ટિકિટ બુક થશે નહીં. એજન્ટો હવે તત્કાલ બુકિંગ શરૂ થાય તે પહેલાં ૩૦ મિનિટ સુધી ટિકિટ બુક કરી શકશે નહીં.

તત્કાલ બુકિંગ માટે, એકાઉન્ટને આધાર સાથે લિંક કરવું ફરજિયાત છેઃ હવે, ૧ જુલાઈથી, તત્કાલ ટિકિટ ફક્ત તે મુસાફરોને જ ઉપલબ્ધ થશે જેમનું એકાઉન્ટ આધાર કાર્ડ સાથે લિંક થયેલ છે. રેલવેએ સ્પષ્ટ કર્યું છે કે બુકિંગ શરૂ થયાના પ્રથમ ૧૦ મિનિટ માટે ફક્ત આધાર લિંક્ડ યુઝર્સ જ ટિકિટ બુક કરાવી શકશે. આ બારી પર રેલ્વે એજન્ટો ટિકિટ આપી શકશે નહીં. આનો અર્થ એ થયો કે જો તમારું એકાઉન્ટ આધાર સાથે લિંક નથી, તો તત્કાલ ટિકિટ મેળવવાની શકયતા ઓછી થઈ જશે. તેથી જલ્દીથી તમારી પ્રોફાઈલ અપડેટ કરો.

૧ જુલાઈથી ICICI બેંકના ATM સંબંધિત નિયમોમાં પણ ફેરફાર થવા જઈ રહ્યા છે. હવે ગ્રાહકો માટે આ બેંકના ATMનો ઉપયોગ કરવો મોંઘો પડી શકે છે. નવા નિયમો અનુસાર, મર્યાદાથી વધુ રોકડ ઉપાડવા પર પ્રતિ ટ્રાન્ઝેક્શન ૨૩ રૂપિયાનો ચાર્જ વસૂલવામાં આવશે. તમને ATM પર ૫ મફત વ્યવહારો મળશે. મેટ્રો શહેરોમાં આ મર્યાદા ૩ વ્યવહારો હશે. જો તમે ફક્ત બેલેન્સ ચેક કરો છો અથવા કોઈ બિન-નાણાકીય કાર્ય કરો છો, તો પ્રતિ ટ્રાન્ઝેક્શન ૮.૫ રૂપિયા ફી લેવામાં આવશે

## તેલંગાણાના સંગારેડ્ડી જીલ્લામાં થયેલ વિસ્ફોટમાં ૩૪ના મોત

**મુખ્ય સમાચાર, હૈદરાબાદ**

તેલંગાણાના સંગારેડ્ડી જિલ્લામાં એક મોટી દુર્ઘટના બની છે. આ અકસ્માતે આખા દેશને હચમચાવી નાખ્યો. અહીં એક કેમિકલ ફેક્ટરીમાં સોમવારે થયેલા વિસ્ફોટમાં ૩૪ થી વધુ લોકોના મોત થયા હતા. સોમવારે પાસુમૈલારામ ઔદ્યોગિક વિસ્તારમાં સ્થિત સિગાચી ઈન્ડસ્ટ્રીઝ નામના કેમિકલ પ્લાન્ટમાં વિસ્ફોટ થયો હતો. અગાઉ, ૧૦ લોકો ઘાયલ થયાના અહેવાલ હતા. પછી ૧૩ લોકોના મોતના સમાચાર બહાર આવ્યા. આખરે, રાત્રિ સુધીમાં, ૩૪ થી વધુ લોકોના મોતની પુષ્ટિ થઈ. એવું કહેવામાં આવી રહ્યું છે કે ઘણા લોકો ઘાયલ થયા હોવાથી મળત્યુઆંક વધુ વધી શકે છે. ઘટના સ્થળે ૯૦ કામદારો હાજર હતા.



ઈન્સ્પેક્ટર જનરલ વી સત્યનારાયણે જણાવ્યું હતું કે પાસમેલારામમાં સિગાચી ફાર્મા નામની કેમિકલ ફેક્ટરીમાં વિસ્ફોટ થયો હતો. પોલીસને ૧૦ મિનિટમાં જ માહિતી મળી ગઈ. અમે ૨૦ મિનિટમાં સ્થળ પર પહોંચી ગયા.

## બેફામ ગતિએ દોડતા વાહનોને અંકુશમાં રાખવા સરકારે ચક્રો ગતિમાન કર્યા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાજકોટ સહિત ગુજરાતનાં શહેરોમાં બેફામ ટ્રાફીક વચ્ચે મારધાડ આડેધડ ઝડપે દોડતા વાહનોની ગતિને નિયંત્રીત કરવા સરકારે ચક્રો ગતિમાન કર્યા છે. જે અંતર્ગત શહેરોમાં વાહનોની ગતિ મર્યાદામાં ઘટાડો કરવામાં આવશે.સાંકડા-ભરચકક માર્ગો પર સ્પીડલીમીટ ૩૦ કીમીની નકકી થશે.જયારે મોટા માર્ગો માટે ૪૫ થી ૬૦ કીમીની મર્યાદા બાંધવામાં આવશે.

ગુજરાતમાં વધતા વાહનો વચ્ચે માર્ગ અકસ્માતોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા એક દાયકામાં રાજયમાં ૭૫૭૩૮ લોકોએ અકસ્માતમાં જીવ ગુમાવ્યા છે તે હકીકતને ધ્યાને રાખીને સ્પીડ લીમીટ નિર્ધારીત કરવાનો વ્યુહ નકકી કરવામાં આવ્યો છે.

૨૦૧૩ થી ૨૦૨૨ સુધીનાં દસ વર્ષમાં સૌથી જીવલેણ રાજયોમાં ગુજરાતનો ૮ મો ક્રમ હતો.અકસ્માતો ઘટાડવા માટે ભલામણો સુચવવા ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સનુંલ ગઠન કરવામાં આવ્યું હતું અને તેના દ્વારા કરાયેલી કેટલીક ભલામણ લાગુ કરવાની તૈયારી કરવામાં આવી છે.

શહેરી માર્ગોની સુરક્ષા માટે જીડીસીઆરમાં બદલાવ શરૂ કરવામાં આવ્યો છે. રસ્તાની પહોળાઈ ટ્રાફીકનાં પ્રમાણ જેવા પાસાઓનાં આધારે ગતિ મર્યાદા નકકી કરવામાં આવશે.

ગુજરાતમાં છેલ્લે ૨૦૨૨ માં વાહનોનાં પ્રકારના આધારે ગતિ મર્યાદા નકકી કરવામાં આવી હતી. શહેરી વિસ્તારોમાં કારની સ્પીડ ૭૦ કીમીની નકકી થઈ હતી. ૧૦૦ સીસીનાં બાઈક માટે ૬૦ કીમી તથા ૧૦૦ સીસીથી નીચેનાં બાઈક માટે ૫૦ કીમીની સ્પીડ લીમીટ નકકી કરાઈ હતી.

એકસપ્રેસ વે પર કાર માટે ગતિ મર્યાદા ૧૦૦ કીમી ફોર કે વધુ લેનનાં હાઈવે પર ૧૦૦ કીમી તથા સ્ટેટ હાઈવે પર ગતિ મર્યાદા નકકી થઈ હતી.શહેરી વિકાસ મંત્રાલયનાં એક સીનીયર અધિકારીએ કહ્યું કે અકસ્માત માર્ગ સુરક્ષામાં વાહનોની સ્પીડ લીમીટ મોટો ભાગ ભજવે છે.

આડેધડ ગતિએ દોડતા વાહનોને કારણે ગંભીર અકસ્માતનું જોખમ વધે છે.૮૦ કીમીની ઝડપે દોડતા વાહનને અકસ્માત થાય તો ૩૦ કીમીની સ્પીડની સરખામણીએ મોતનું જોખમ




૬૦ ગણુ વધી જાય છે.

સ્પીડ લીમીટના આંતર રાષ્ટ્રીય મોડલમાં વધુ ટ્રાફિક ધરાવતા તથા રહેણાંક ઝોનમાં ૩૦ કીમીની ગતિ મર્યાદા છે. ગુજરાતનાં શહેરોમાં પણ આજ ધોરણે સ્પીડ લીમીટ બાંધવા કમીટીએ ભલામણ કરી છે. પહોળા માર્ગ તથા હાઈવે પર વધુ સ્પીડની છુટ આપવા છતાં સલામતી પાસાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવશે.

શહેરી વિસ્તારોનાં રસ્તા, જમીન ઉપયોગનાં પ્રકાર સહિતના પાસાને લક્ષ્યમાં રખાશે. વધુ સ્પીડની છુટ હોય ત્યાં પણ રાહદારીઓ માટે સુરક્ષાનાં પાસા ધ્યાને રખાશે. તમામ શહેરો માટે સ્પીડ લીમીટના નિયમો લાગુ કરાતા પૂર્વે તેની સંભવીત અસરોની ઘનિષ્ટ ચકાસણી-સમીક્ષા કરવામાં આવશે.

## આગામી તા.૨૧થી શરૂ થતું સંસદનું સત્ર તોફાની બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરમાં અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરીફ ટેરરની સાથોસાથ જે રીતે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેનું યુદ્ધ તેમજ અમેરિકાની દરમ્યાનગીરી સહિતના છેલ્લા બે એકશન પેક માસ બાદ હવે જુલાઈમાં ભારતમાં પણ અનેક પ્રકારના સંસદીય અને રાજકીય ચિત્ર બદલાતા જોવા મળી શકે છે.

આજથી શરૂ થયેલો જુલાઈ માસના પ્રારંભે જ આગામી તા.૮ સુધીમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર ટેરીફનો બોમ્બ ટીકટીક કરવાનું શરૂ કર્યુ છે તેમાં હવે કઈ રીતે બંને દેશો વચ્ચે સમજુતી થાય છે તેના પર સૌની નજર છે.



અમેરિકા ટેરીફ મુદ્દે ભારતને ખાસ કરીને કૃષિ અને ડેરી આયાતોમાં તેના દેશના ઉત્પાદનોને ભારતમાં ખુલ્લી આયાતની છુટ અપાય તેવી માંગણી કરી રહી છે અને મોદી સરકાર માટે તે સ્વીકારવું એ સૌથી મોટો પડકાર બની જશે. દેશના જ ખેડુતો અને દૂધ ઉત્પાદકોને હિત જાળવવા માટે સરકારે આ મુદ્દે ટકકર આપવી પડશે અને તા.૮ કે તે પહેલા જે ટેરીફ સમજુતી થાય છે તેના પર સૌની નજર છે.

અત્યાર સુધી ભારત અને અમેરિકા વચ્ચે સમજુતી થશે તેવી સ્થિતિ હતી પરંતુ હવે અમેરિકી શરતો પર જો વ્યાપાર કરાર થશે તો ભારતને તેમાં મોટુ સહન કરવુ પડે તેવા સંકેત છે. બીજી તરફ આ માસના આખરી સપ્તાહ એટલે કે તા.૨૧ જુલાઈથી સંસદનું ચોમાસુ સત્ર શરુ થઈ રહ્યું છે અને ઓપરેશન સિંદુર બાદનું આ પ્રથમ સત્ર તોફાની બની રહેશે.

ખાસ કરીને વિપક્ષો પાકિસ્તાન સામેના યુદ્ધથી લઈને અમેરિકી ટેરીફ મુદ્દે સરકારને ભીંસમાં લેવા પ્રયત્ન કરશે જયારે ખાસ કરીને ઓપરેશન સિંદુરમાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ જે વારંવાર મે યુદ્ધ વિરામ કરાવ્યુ તેવા દાવા કરે છે.

બીજી તરફ ભારતે આ યુદ્ધમાં શુ ગુમાવ્યુ તે મુદ્દે પણ જે આક્ષેપબાજી છે તે પણ સંસદને ધમરોળશે તો આ સત્રમાં સરકાર અનેક મહત્વના ખરડાઓ પણ લાવી રહી છે અને તેથી જ રાજકીય રીતે પણ સંસદનું સત્ર તોફાની બનશે.

## જુલાઈ માસમાં પણ સમગ્ર દેશમાં મેઘરાજા મહેરબાન રહેશે

**હવામાન વિભાગની આગાહીઃ મધ્ય ગુજરાતમાં નોર્મલ તથા કચ્છમાં સરેરાશથી ઓછો વરસાદ પડવાની શકયતા**

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત સહિત દેશના અનેક રાજયોમાં કેટલાંક દિવસોથી ધમધોકાર વરસાદ વરસી જ રહ્યો છે અને અત્યારસુધીમાં સરેરાશ કરતા વધુ પાણી વરસ્યુ છે ત્યારે જુલાઈમાં પણ મેઘરાજા મહેરબાન જ રહેશે અને સામાન્ય કરતા વધુ વરસાદ થવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

સમગ્ર દેશમાં જુલાઈમાં સરેરાશ વરસાદ સામાન્ય કરતા ૧૦૬ ટકા થવાનુ હવામાન વિભાગે સુચવ્યુ છે. મોટાભાગના ક્ષેત્રોમાં વરસાદ સારો રહેશે.

હવામાન વિભાગે જારી કરેલા નકશામાં સુચવાયા પ્રમાણે રાજયમાં મધ્ય ગુજરાતમાં સરેરાશ વરસાદ થશે. કચ્છના અમુક ભાગોમાં નોર્મલ કે તેથી ઓછો વરસાદ થશે. જયારે જામનગર તથા દેવભૂમિ દ્વારકા



જીલ્લાઓમાં વધુ-અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગ દ્વારા મધ્ય ભારત, ઉતરાખંડ તથા હરિયાણામાં પુરપ્રકોપ સર્જાવાની પણ ચેતવણી આપી છે. ગુજરાતમાં જુન માસના વરસાદને લાગેવળગે છે ત્યાં સુધી ૧૧૫ ટકા વધુ વરસાદ નોંધાયો હતો. જુનમાં ગુજરાતમાં સરેરાશ ૧૧૦.૮ મી.મી. પાણી વરસ્યુ હતું.

દેશભરમાં ગુજરાત બીજા ક્રમે છે. રાજસ્થાન સરેરાશ કરતા ૧૨૮ ટકા વરસાદ થતા પ્રથમ સ્થાને હતું. રાજસ્થાનમાં જુનમાં સરેરાશ ૧૨૫.૩ મીમી વરસાદ થયો છે જે સામાન્ય રીતે ૫૫ મી.મી. થતો હોય છે.

ગુજરાતમાં ઝોનવાઈઝ આંકડા ચકાસવામાં આવે તો સૌરાષ્ટ્ર-કચ્છમાં ૧૦૫ ટકા તથા ગુજરાતના બાકીના ભાગોમાં ૧૨૪ ટકા વરસાદ થયો હતો.

ગુજરાતના અનેક ભાગોમાં વરસાદી દોર જારી રહ્યો હોય તેમ છેલ્લા ચોવીસ કલાકમાં ૧૯૧ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. તાપીના વ્યારા તાલુકામાં સૌથી વધુ ચાર ઈંચ વરસાદ હતો. ગુજરાતમાં જુનમાં સરેરાશ ૩૦૩.૦૯ મીમી વરસાદ વરસ્યો છે જે સમગ્ર સીઝનનો ૩૪.૩૬ ટકા થવા જાય છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ચોવીસ કલાકમાં દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં વરસાદનુ જોર વધુ હતું. તાપી જીલ્લામાં સાર્વત્રિક બે થી ચાર ઈંચ વરસાદ હતો. સુરત જીલ્લામાં ઝાપટાથી માંડીને ત્રણ ઈંચ, વલસાડના કપરાડામાં ત્રણ ઈંચ પાણી વરસ્યુ હતું.

કચ્છના મુંદ્રામાં મુશળધાર બે ઈંચ વરસાદ થયો હતો. માંડવીમાં દોઢ અને ભુજ-રાપરમાં એક-એક ઈંચ વરસાદ હતો. ઉતર ગુજરાતમાં ઝાપટા હતા.

મધ્ય ગુજરાતમાં પંચમહાલના કલોલમાં ત્રણ ઈંચ, મોરવાહડફમાં સવા બે ઈંચ, ગોધરામાં બે ઈંચ, દાહોદ-ઝાલોદમાં બે ઈંચ વરસાદ હતો.

## શેરબજારમાં ગુજરાત સરકારની માલિકીની કંપનીઓનો ડંકો



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં રાજ્ય સરકારની માલિકીની કંપનીઓએ શેરબજારમાં ડંકો વગાડ્યો છે. આ કંપનીઓ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં (૨૮ માર્ચથી ૩૦ જૂન સુધી) BSE સેન્સેક્સ અને નિફ્ટી જેવા મુખ્ય સૂચકાંકોના રિટર્નને વટાવી ગઈ છે.

આ નોંધપાત્ર સિદ્ધિ આ કંપનીઓની મજબૂત નાણાંકીય સ્થિતિ અને વ્યૂહાત્મક સંચાલન દર્શાવે છે, જે એક અગ્રણી આર્થિક કેન્દ્ર તરીકે ગુજરાતનું સ્થાન મજબૂત બનાવે છે.

શેરબજારના તાજેતરના ડેટા અનુસાર, ભારતીય શેરબજાર- BSE અને NSE પર લિસ્ટેડ ગુજરાતની કંપનીઓએ નોંધપાત્ર ઉછાળો નોંધાવીને એકંદર માર્કેટ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

BSE સેન્સેક્સ ૮.00% વધીને ૮૩,૬૦૬.૪૬ પર બંધ થયો હતો, જ્યારે નિફ્ટી ૮.૪૯% વધીને ૨૫,૫૧૭.૦૫ પર બંધ થયો હતો. તેનાથી વિપરીત, ગુજરાત સરકારની માલિકીની ઘણી કંપનીઓએ ડબલ ડિજિટમાં વૃદ્ધિની ટકાવારી નોંધાવી હતી. આ વૃદ્ધિ બજારમાં તેમનું મજબૂત સ્થાન અને સ્થિતિસ્થાપકતા દર્શાવે છે.

આ યાદીમાં સૌથી ટોચ પર ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન છે, જેણે ૫૫.૨૩%નો જબરદસ્ત વધારો નોંધાવ્યો, અને તેના શેરનો ભાવ રૂ.૨૬૫.૩૫ થી વધીને રૂ.૪૧૧.૯૦ થયો.

ત્યારબાદ બીજા સ્થાને ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પાવર કંપની લિમિટેડ એ ૨૧.૩૧%નો મજબૂત વધારો નોંધાવ્યો, જેનો શેરભાવ રૂ.૧૮૦.૨૦ થી વધીને રૂ.૨૧૮.૬૦ થયો છે.

ત્યારબાદ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ એ ૧૫.૩૧% નો વધારો નોંધાવ્યો, જેના શેરનો ભાવ રૂ.૧૭૭.૩૦ થી વધીને રૂ.૨૦૪.૪૫ થયો, જ્યારે ગુજરાત ગેસ લિમિટેડની શેરની કિંમતમાં ૧૪.૩૦% નો વધારો જોવા મળ્યો, જે રૂ.૪૧૨.૬૦ થી વધીને રૂ.૪૭૧.૬૦ થયો.

ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ અને ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ એ પણ અનુક્રમે ૧૨.૨૯% અને ૧૧.૬૦% નો વધારો નોંધાવીને સારું પ્રદર્શન કર્યું છે.

આ શાનદાર કામગીરી ગુજરાતના સરકારી માલિકીના સાહસોના વ્યૂહાત્મક વિઝન અને કાર્યકારી કાર્યક્ષમતાને પ્રતિબિંબિત કરે છે, જે સ્પર્ધાત્મક બજારના માહોલમાં પણ સતત વિકાસ કરી રહ્યા છે.

રાજ્ય સરકારે હંમેશાં ટકાઉ વિકાસ, નવીનીકરણ અને રોકાણકારોના વિશ્વાસને મહત્વ આપ્યું છે, જેના કારણે આ કંપનીઓ બેન્ચમાર્ક સૂચકાંકોને પાર કરીને અસાધારણ રિટર્ન ડિલિવર કરવા માટે પ્રેરિત થઈ છે.


આ કંપનીઓ નવીનીકરણ અને વિકાસની દિશામાં સતત આગળ વધી રહી છે, જેના કારણે રોકાણકારો અને હિતધારકો ટકાઉ વૃદ્ધિની અપેક્ષા રાખી શકે છે.

## ૩૧ માર્ચ સુધીમાં નોંધાયેલા કરદાતાની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં ત્રીજા ક્રમે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં, નોંધાયેલા કરદાતાઓની દ્રષ્ટિએ ગુજરાત ભારતમાં ત્રીજા ક્રમે છે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે કરદાતાઓમાં ૬.૩૮% વળદ્ધિ સાથે, જે રાષ્ટ્રીય સરેરાશ ૩.૮૬% વૃદ્ધિ કરતા વધુ છે.

સત્તાવાર માહિતી અનુસાર, ગુજરાતમાં નોંધાયેલા કરદાતાઓની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૧,૯૦,૩૮૭ હતી જે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વધીને ૧૨,૬૬,૮૮૬ થઈ ગઈ છે, જે રાજ્યમાં કર આધારના વિસ્તરણ અને



વધતા પાલન તરફ ઈશારો કરે છે.

ગુજરાતે કી પર્ફોર્મન્સ ઇન્ડિકેટર્સમાં પણ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું, ૭૧.૬૯ પોઈન્ટ સાથે રાષ્ટ્રીય સ્તરે બીજા ક્રમે આવ્યું. મહારાષ્ટ્ર ૭૩.૯૩ પોઈન્ટ સાથે આગળ છે પરંતુ ગુજરાતે ૨૨ માંથી ૯ પરફોર્મન્સ પેરામીટર્સમાં ટોચનું સ્થાન મેળવ્યું છે.

આવકના મોરચે, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાષ્ટ્રીય કર વસૂલાતમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું, જેમાં ૧,૩૬,૭૪૮ કરોડ રૂપિયાની આવક થઈ હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ૧,૨૫,૧૬૯ કરોડ રૂપિયા હતી. હાલમાં, રાજ્યોમાંથી થતી આવકની દ્રષ્ટિએ રાજ્ય રાષ્ટ્રીય સ્તરે ત્રીજા ક્રમે છે, જે દેશના સ્થાનિક જીએસટી સંગ્રહમાં આશરે ૮.૨% યોગદાન આપે છે.

# કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ લાલપુર કન્યાશાળાના નવીન ઓરડાઓનું તથા લાઈબ્રેરીનું લોકાર્પણ કર્યું



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના પ્રવાસન મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલ પી.એમ. લાલપુર કન્યા શાળાના ચાર નવીન ઓરડા તથા શાળા અપગ્રેડેશનનું તથા લાલપૂર તાલુકા સરકારી લાઈબ્રેરીનું લોકાર્પણ કર્યું હતું.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ જામનગર સંચાલિત પીએમ લાલપુર કન્યા શાળામાં રૂ.૬૭.૫૦ લાખના ખર્ચે ચાર નવીન ઓરડાઓનું અને શાળા અપગ્રેડેશનનું કામ કરવામાં આવ્યું છે. આ શાળામાં સ્માર્ટ ક્લાસરૂમની સુવિધા પણ ઉપલબ્ધ છે. મંત્રીએ ક્લાસરૂમની મુલાકાત લઈ શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રોજેક્ટરના માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવે છે તેનું પણ નિરીક્ષણ કરી, શાળાના સાયન્સ રૂમની તથા કોમ્પ્યુટર લેબની મુલાકાત લઈ વિદ્યાર્થિનીઓ સાથે સંવાદ કર્યો હતો.આ ઉપરાંત શાળાના પટાંગણમાં રૂ. ૨૫ લાખના ખર્ચે ગ્રામ પંચાયતના મકાનમાં ચાર ઓરડા વાળી ગ્રંથાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું મંત્રીશ્રીએ લોકાર્પણ કર્યું હતું. લાઈબ્રેરીમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષાની વિવિધ ૩૦૦૦ બુક ઉપરાંત ઓટોમેશન લાઈબ્રેરીની પણ સુવિધા છે. લાઈબ્રેરી ખાતે મહિલાઓ અને પુરુષો માટે અલગ રૂમમાં વાંચન વ્યવસ્થા, બાળકો માટે વિવિધ બુકો, સામાયિકોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. એકી સાથે ૧૫૦ લોકો બેસીને વાંચન કરી શકે તેવી સુવિધા પણ લાઈબ્રેરીમાં ઉપલબ્ધ છે. સરકારી તાલુકા ગ્રંથાલય લાલપુર મંગળવાર થી શનિવાર દરમિયાન સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ તથા રવિવારના રોજ સવારે ૮ થી બપોરે ૧૨ વાગ્યા સુધી ખુલ્લી રહેશે. સોમવાર તથા જાહેર રજાના દિવસે ગ્રંથાલય સંપૂર્ણ બંધ રહેશે.આ કાર્યક્રમમાં, એપીએમસીના ચેરમેન કાનાભાઈ આંબલીયા, અગ્રણીઓ સમીરભાઈ ભેંસદડિયા, પ્રવીણસિંહ જાડેજા, રમેશભાઈ, જેસાભાઈ નંદાણીયા, ખીમજીભાઇ ધોળકિયા, કૌશિકભાઇ, રમેશભાઈ ગાગીયા, જયપાલસિંહ જાડેજા, સરપંચ જયેશભાઈ તેરૈયા, પ્રાંત અધિકારી સંજયસિંહ અસવાર, અધિકારીઓ, આગેવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર થયેલી બે મોબાઈલની ચોરીનો ભેદ ઉકેલાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મિગ કોલોની વિસ્તારમાંથી તેમજ પ્રણામી સ્કૂલ રોડ પરથી એલસીબીએ બે શખ્સને પકડી પાડ્યા છે. આ શખ્સોએ મેઘપર પાસેથી તેમજ જામનગરમાંથી એક-એક મોબાઈલ ચોર્યાની કબૂલાત આપી છે. ચોરાઉ મોબાઈલ કબજે લેવાયા છે.

જામનગરની સ્થાનિક ગુન્હાશોધક શાખાના સ્ટાફ દ્વારા કરવામાં આવી રહેલા પેટ્રોલિંગ દરમિયાન મિગ કોલોની નજીકથી મૂળ બિહારના ગોપાલગંજ તાલુકાના વતની અને હાલમાં જામનગરના ધરારનગર-૧માં રહેતા અખિલેશ હીરાલાલ યાદવ નામના શખ્સને રોકી લેવામાં આવ્યો હતો. આ શખ્સની પૂછપરછ કરાતા તેણે થોડા દિવસ પહેલાં મેઘપર ગામ પાસે રામદૂતનગર નજીક એક વ્યક્તિના ખિસ્સામાંથી મોબાઈલ ચોર્યાની કબૂલાત આપી છે. રૂ.૧૫ હજારનો મોબાઈલ એલસીબીએ કબજે કર્યો છે.ત્યારપછી ખોડિયાર કોલોની રોડ પર પેટ્રોલપંપથી પ્રણામી સ્કૂલ તરફ જવાના રસ્તા પરથી હનુમાન ટેકરીમાં રહેતા સુનિલ વસરામભાઈ બારોટ નામના શખ્સની એલસીબીએ અટકાયત કરી તલાશી લેતા આ શખ્સ પાસેથી રૂ.૯૮૦૦ની કિંમતનો મોબાઈલ મળી આવ્યો હતો. આ શખ્સે તે મોબાઈલ ચોરી કર્યાનું કબૂલ્યું છે.

# જામનગરના પટેલ કોલોનીમાં ચાલતું કુટણખાનું ઝડપાયુંઃ મહિલા સંચાલક સહિત બે ગ્રાહક ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં પટેલ કોલોની વિસ્તારમાં ચાલતા દેહના વ્યાપાર પર પોલીસે દરોડો પાડી શરીર સુખ માણવા આવેલ બે સખ્સો અને એક મહિલા સહીત ત્રણને પકડી પાડયા છે. પોલીસ પુત્ર સંચાલિત આધુનિક વેશ્યાવૃતિના અનૈતિક ધંધા બાદ દોઢ માસમાં બીજું કૂટણખાનું પકડાયું છે. પોલીસે દેહ વ્યાપારના અનૈતિક સ્થળ પરથી ૩૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આરોપી મહિલાએ ફ્લેટ ભાડે રાખી બહારથી મજબુર યુવતીઓને બોલાવી અનૈતિક દેહ વ્યાપાર શરુ કર્યો હોવાનું સામે આવ્યું છે.જામનગરમાં પટેલ કોલોની શેરી નં ૦૯ ના છેડે યાદવ પાનની બીજી શેરી ભવાની નમકીન શેરીમા ચીરાગ એપાર્ટમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર મકાન નં ૦૧મા એક મહિલા ભાડેથી ફ્લેટ રાખી કૂટણખાનું ચલાવતી હોવાની સીટી બી ડીવીજન પોલીસને ચોક્કસ હકીકત મળી હતી. જેના આધારે સીટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાની આગેવાની નીચે સીટી બી ડીવીજન પોલીસ મથકના પીઆઈ પી કે ઝા સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. ગઈ કાલે સાંજે સાતેક વાગ્યાના સુમારે પોલીસે કરેલ કાર્યવાહીમાં ઉપરોક્ત સ્થળેથી ધમધમતા દેહ વ્યાપારનો પર્દાફાસ થયો હતો.પોલીસે ફ્લેટમાં ગ્રાહકોને શરીર સુખની વ્યવસ્થા પૂરી પાડી ધંધો કરાવતી મહિલા અને શરીર સુખ માણવા આવેલ ૫૪ વર્ષીય નીતેશભાઈ શાંતીલાલ વસા વાણીયા રહે વિકાસ રોડ મહીલા કોલેજ પાસે ઈન્દ્રદીપ સોસાયટી સી/૪ ૮૩ જામનગર તથા ડ્રાઈવિંગ કરતા ૩૫ વર્ષીય ફીરોજભાઈ અબ્દુલભાઈ ચૌહાણ વાઢા રહે ધરાનગર ૦૨ સૈયદી હોટલ સામે જામનગર વાળા સખ્સો આબાદ મળી આવ્યા હતા. પોલીસે ઘટના સ્થળ પરથી ૩૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. સાથે સાથે કૂટણખાનું ચલાવતી મહીલા અને શરીર સુખ માણવા આવેલ બંને ગ્રાહકોની ધરપકડ કરી હતી.સીટી બી ડીવીજન પોલીસે ત્રણેય સખ્સો સામે ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્સન એકટ ૧૯૫૬ ની કલમ-૩(૧), ૪(૧), ૫(૧-એ) મુજબ ફરિયાદ નોંધી છે. આ ફરિયાદના આધારે પીએસઆઈ એમ.એચ. સાંકળીયા સહિતના સ્ટાફે તપાસ હાથ ધરી છે. દેહના અનૈતિક વ્યાપારમાં દર વખતે પોલીસે ડમી ગ્રાહક ઉભો કરી રેડ કરવી પડતી હોય છે. પરંતુ પટેલ કોલોની વિસ્તારમાં રેડ દરમિયાન બે ગ્રાહકો પણ રંગે હાથ પકડાઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે દોઢ માસ પૂર્વે નિવૃત પોલીસ પુત્ર દ્વારા ટેમ્પોમાં મોબાઈલ કૂટણખાનું ઉભું કરી કરાવાતા દેહ વ્યાપાર પર ડીવાયએસપી ઝાલા સહિતના સ્ટાફે જ રેડ પાડી હતી.

# જામનગર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં કલેક્ટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને ખાતે જિલ્લા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટરએ અરજદારોને રૂબરૂ મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં ૧૩ જેટલા અરજદારોએ વીજ લાઇન.બાબત,પીજીવીસીએલનો પ્રશ્ન, જણસીની રકમ લઈને નાસી છૂટેલ વેપારી વિરુદ્ધ કાર્યવાહી કરવા બાબતે, જમીન સંપાદન અંગે, કોર્પોરેશન વિસ્તારમાં દબાણ અંગે, જમીન માપણી, દબાણ દૂર કરવા વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે પૈકી ૧૦ અરજીઓનો સ્થળ પર જ હકારત્મક નિકાલ લાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કલેકટરએ લગત અધિકારીઓને લોકોની રજૂઆતોને ધ્યાનમાં લઈને સમયમર્યાદામાં જરૂરી કાર્યવાહી કરવા સૂચનો આપ્યા હતા. તથા જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં આવેલા અરજદારો સાથે ચર્ચા કરી તેઓની રજૂઆતો સાંભળી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, નિવાસી અધિક કલેક્ટર બી. એન. ખેર, નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા, લગત વિભાગના અધિકારીઓ, અરજદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# માં-બાપને રૂમમાં પૂરી કોલેજીયન યુવતી ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરી વિસ્તારમાંથી કોલેજના પ્રથમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની માતા-પિતાને રૂમમાં બંધ કરીને લાપતા થતાં પોલીસમાં દોડધામ મચી ગઈ છે અને વિદ્યાર્થીની એક સ્થળે સીસી ટીવી કેમેરામાં એકલી કેદ થતાં પોલીસે તે દીશામાં તપાસ હાથ ધરી છે.સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારના એક વિસ્તારમાં રહેતી સગીરા ધો-૧૨નો અભ્યાસ પુર્ણ કરીને કોલેજના પ્રથમ વર્ષમાં એડમીશન લીધુ છે. વિદ્યાર્થીની ગત તા.૨૭ના રાત્રીના પરિવારજનો સુતા હતાં.તે ઘરમાં ઉપરથી આગરીયો મારીને પલાયન થઈ ગઈ હતી. જે અંગેની પરિવારજનોને સવારે જાણ થતાં તેમણે પોલીસને જાણ કરતાં પીઆઈ પી.પી.ઝા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સગીરાની વિગતો મેળવીને શોધખોળ આરંભી હતી.જેમાં બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તેમજ બગ સ્ટોપના સ્થળ પાસેથી અનેક સીસી ટીવી કેમેરાના ફુટેજ મેળવવામાં આવી રહ્યા છે.જેમાં એક સ્થળે સગીરા સીસી ટીવી કેમેરામાં કેદ થઈ હતી. તેણી એકલી જ જોવા મળી હતી. જેથી પોલીસે તે દીશામાં તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત પોલીસે તેણીના મોબાઈલ ફોનના આધારે વિદ્યાર્થી મિત્રોના નંબર મેળવીને ૪ વ્યક્તિ સાથે વાતચીત કરી છે. યુવતીઅ કયાં કારણોસર આ પગલું ભર્યુ તે જાણી શકાયું નથી

# રાજકોટ કોર્પોરેશન ઘટક ત્રણની આંગણવાડીઓનાં ૯૫૦ બાળકોને દાતાઓએ પિગી બેંક ભેટ આપી

## બાળપણથી જ બાળકોમાં બચતની આદત પડે તેવા ઉમદા હેતુથી અપાઈ ભેટ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કોર્પોરેશનના ઘટક-૩ હેઠળ આવતી તમામ આંગણવાડીઓના ૯૫૦ જેટલા બાળકોને દાતાશ્રીઓ તરફથી પિગી બેંક (ગલ્લા) ભેટ અપાયા હતા.

બાળવિકાસ યોજના અધિકારીશ્રી પૂજાબેન જોષી તેમજ સ્ટાફનાં પ્રયત્નોથી આંગણવાડીમાં નવા પ્રવેશ મેળવતા તમામ ૯૫૦ બાળકોને દાતાશ્રીઓ લલિતભાઈ મજેઠીયા, પુનિતભાઈ દેસાઈ અને નીલભાઈ મહેતાના આર્થિક સહયોગથી પિગી બેંક ભેટ અપાઈ હતી.

બાળકો જરૂરિયાત મુજબ પૈસા વાપરે સાથે બાળપણથી જ તેઓમાં બચતની ટેવ પડે તે ઈચ્છનીય છે. એક સમયે માટીનાં ગલ્લા બાળકો માટે બચતની બેંક કહેવાતા હતા. ઘરે આવતા કોઈ મહેમાન કે વાલીઓ પૈસા આપે તે પૈસા બાળકો ગલ્લામાં મુકી બચત કરતા જોવા મળતા. અત્યારે બજારમાં માટી ઉપરાંત પ્લાસ્ટિક, સ્ટીલ સહિતનાં જુદી જુદી ડિઝાઇનના આકર્ષક ગલ્લાઓ બાળકો માટે આકર્ષણ જમાવે છે. ત્યારે આંગણવાડીનાં બાળકો બાળપણથી જ બચત કરે અને ભવિષ્યમાં પણ તેઓને આ આદત કાયમ માટે રહે તેવા ઉમદા હેતુથી પિગી બેંક (ગલ્લા)ની ભેટ દાતાઓએ આપી હતી. આ ભેટ આપવા બદલ ઘટક ૩ના આઈ.સી.ડી.એસ. સ્ટાફ, આંગણવાડી કાર્યકર બહેનો તેમજ બાળકોએ તમામ દાતાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનાના ડમાસા ગામે કૂવામાં પડેલી સિંહનું ફોરેસ્ટ વિભાગ દ્વારા દિલધડક રેસ્ક્યુ

## સિંહ શિકારની શોધમાં કૂવામાં પડ્યો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના ડમાસા ગામે એક સિંહ શિવ મંદિર પરિસરમાં આવેલી એક ખુલ્લી કૂવીમાં પડી જતાં ગામલોકોમાં ભયનો માહોલ છ્વાઈ ગયો હતો. જોકે, ફોરેસ્ટ વિભાગ દ્વારા સત્વરે અને સમયસર કરાયેલા રેસ્ક્યુ ઓપરેશનને કારણે સિંહનો જીવ બચી ગયો હતો.પ્રાપ્ત વિગતો અનુસાર, સિંહ પરિવાર અવારનવાર શિકારની શોધમાં ગ્રામ્ય વિસ્તારોમાં લટાર મારતો જોવા મળે છે. ગત રાત્રે પણ આ સિંહ શિવ મંદિરમાં એક વાછરડાનો શિકાર કર્યો હતો. શિકાર બાદ સિંહ અજાણતા જ મંદિર પરિસરમાં આવેલી કૂવીમાં ખાબકી હતી.સવારે મંદિરના પૂજારીને કૂવીમાંથી અવાજ આવતા તેમણે તપાસ કરી તો એક સિંહ કૂવામાં

પડેલી જણાઈ. આ દ્રશ્ય જોઈને તેઓ ચોંકી ઉઠ્યા અને તરત જ ગામના યુવાનોને જાણ કરી. ગામના યુવાનોએ તાત્કાલિક ધોરણે ફોરેસ્ટ વિભાગનો સંપર્ક કર્યો.માહિતી મળતા જ ફોરેસ્ટ વિભાગની ટીમ તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફોરેસ્ટ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ ભારે જહેમત બાદ કૂવામાંથી સિંહને સુરક્ષિત રીતે બહાર કાઢી હતી. આ સફળ રેસ્ક્યુ ઓપરેશનને કારણે સિંહનો જીવ બચ્યો હતો અને ગામલોકોએ હાશકારો અનુભવ્યો હતો.આ ઘટના ફરી એકવાર ગ્રામ્ય વિસ્તારોમાં વન્યજીવોના વધતા સંચાર અને ખુલ્લી કૂવીઓ જેવા જોખમી સ્થળોની સુરક્ષા અંગે વિચારવા મજબૂર કરે છે

# રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ પ્રવૃતિ સામે કડક કાર્યવાહી કરવા મુખ્યમંત્રીનો આદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૩૦મીના સોમવારે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રાજ્ય કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેમાં, રાજકોટ અને અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ તંત્ર, ગ્રામ પંચાયતના રસ્તાઓ બનાવવા, જમીન મહેસુલ, હેતુફેર સહિતની વિવિધ રજૂઆતો થઈ હતી. જેના અનુસંધાને તેમણે આ રજૂઆતકર્તાઓને શાંતિપૂર્વક સાંભળીને તથા હકારાત્મક વલણ દાખવીને મહાનગરપાલિકા તથા પોલીસ તંત્રને સ્પર્શતી રજૂઆતોમાં કડક કાર્યવાહી માટે સુચનાઓ પણ આપી હતી. સિંચાઈ યોજના પડતી મુકાયા છતાં કેટલાંક ખેડૂત ખાતેદારોના ૭/૧૨માં કલમ-૪ના પ્રાથમિક જાહેરનામામાં યથાવત રહેલી નોંધને કારણે ખેડૂતોને લાંબા સમયથી પડતી સમસ્યાનો અંત લાવી તે નોંધ દૂર કરવાનો નિર્ણય પણ આ કાર્યક્રમ દરમિયાન કરાયો હતો.

એવી જ રીતે, મુખ્યમંત્રીએ રહેણાંક હેતુ માટેની સોસાયટીમાં કોમર્શિયલ પ્રવળત્તિ કરનારા કેસમાં કડક કાર્યવાહી કરવા, ખેડૂતોની જમીન માપણીના પ્રશ્નો, રોડ રસ્તા પરના દબાણ હટાવવાના, પર્યાવરણ જાળવણી સહિતના પ્રશ્નોને નાગરિકો પરત્વે હકારાત્મક દ્રષ્ટિકોણ રાખીને જિલ્લા વહીવટી તંત્ર કડક કાર્યવાહી કરે તેવી સ્પષ્ટ સુચનાઓ આપી હતી. જૂન મહિનાના સ્વાગત ઓનલાઈનમાં ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્વાગત મળીને કુલ ૩૩૪૯ રજૂઆતો મળી હતી. તેમાંથી ૫૦ ટકા એટલે કે ૧૭૫૭ જેટલી રજૂઆતોનું નિવારણ લાવી દેવાયું છે. સ્વાગતમાં કુલ ૯૮ જેટલા અરજદારો રાજ્યભરમાંથી હાજર રહ્યા હતા. જેમાંથી ૧૨ જેટલા અરજદારોને મુખ્યમંત્રીએ રૂબરૂ સાંભળ્યા હતા.

# સ્માર્ટ સીટીથી કટારીયા ચોકડી સુધી રૂ.૪૬.૮૫ કરોડના ખર્ચે ડેવલોપમેન્ટ કરાશે

## વિરાટનગર પારડી રોડ પર રૂ.૨૩.૫૦ કરોડના ખર્ચે નવું ફાયર સ્ટેશન બનશે


**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગર પાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. જેમાં કુલ ૬૩ દરખાસ્ત મુકાઇ છે. કાલાવડ રોડ પર કટારીયા ચોકડી સુધી ૪૬.૮૫ કરોડના ખર્ચે ડેવલોપમેન્ટ થશે. જયારે વિરાટનગરના પારડી રોડ પર ૨૩.૫૦ કરોડના ખર્ચે નવું ફાયર સ્ટેશન બનશે. આ સિવાય સ્ટેન્ડિંગ સમક્ષ અનેક વિકાસ કામોની દરખાસ્ત રાખવામાં આવી છે. એવું માનવામાં આવી રહ્યું છે કે, આ તમામ દરખાસ્તો પસાર થશે.

આ સિવાય જન ભાગીદારીથી પેવર બ્લોક નાખવાનું કામ પણ કરાશે. જયારે અન્ય જાળવણી માટેના ખર્ચને પણ મંજુર કરાશે. આ જમ્બો બેઠક ચેરમેન જયમીન ઠાકરની અધ્યક્ષતામાં મળશે.

# કડિયા જ્ઞાતીના વિદ્યાર્થી ભાઈઓ-બહેનોને વિદ્યોતેજક પુરસ્કારથી સન્માનીત કરાશે

## કડીયા સમાજના દરેક દાતાઓને દીકરા-દીકરીઓના પ્રોત્સાહન આપવા માટે પોતાનુ આર્થીક યોગદાન આપવા માટે નરેન્દ્રભાઇ સોલંકીની અપીલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુ.ક્ષ.કડિયા જ્ઞાતિ સમસ્ત રાજકોટ દ્વારા પ્રમુખ નરેન્દ્રભાઇ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરુ શ્રી જીવરાજ બાપુ) ની અધ્યક્ષતામાં આવતા દિવસો માં શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ ના વિદ્યાર્થી દીકરા- દીકરીઓના હિતાર્થે મેગા શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહ તા. ૨૧-૯-૨૦૨૫ ને રવિવાર નું આયોજન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા ઘણા વર્ષોથી જ્ઞાતિ ના અભ્યાસ કરતા વિદ્યાર્થી દીકરા -દીકરીઓને શૈક્ષણિક સહાય મળી રહે તેમજ દરેક વિર્ધાર્થી દિકરા-દિકરીઓને શિક્ષણ માટેનું પ્રોત્સાહન મળી રહે તે હેતુ થી શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતી સમસ્ત રાજકોટ દ્વારા મેગા સરસ્વતી સન્માન સમારોહ તેમજ ઇનામો અને ચોપડા વિતરણનો ભવ્યાતિ ભવ્ય કાર્યક્રમ સમગ્ર કડિયા સમાજ દ્વારા તા. ૨૧-૯-૨૦૨૫ ને રવિવાર ના રોજ આયોજન કરવામાં આવી રહ્યુ છે. શ્રી ગુર્જર ક્ષત્રીય કડિયા જ્ઞાતીના હોશીયાર વિદ્યાર્થીઓ, દીકરા - દીકરીઓને મદદ રૂપ થવાના શુભ આશય થી સંપૂર્ણ પણે વિના મુલ્યે પાકા પુઠાનો ૧૫૦ પેજનો ચોપડો એવા ૧૦ ચોપડાનું પેકીંગ એવા એક સેટનું વિતરણ દરેક ધોરણના વિદ્યાર્થીઓને આપવામાં આવશે સાથે સાથે સ્કુલ બેગ તથા દરેક વર્ગ માં પ્રથમ ૧ થી ૩ નંબર આવનાર વિદ્યાર્થીઓને શીલ્ડ આપી સન્માન કરવામા આવે છે. આ સરસ્વતી સન્માન સમારંભ માં દર વર્ષે ૨૫૦૦ થી ૩૦૦૦ વિદ્યાર્થીઓ તેમજ તેમના વાલીશ્રીઓ પણ સાથે હાજર રહીને તાલીઓના ગડગડાટ વચ્ચે પોતાનુ શીલ્ડ અને સન્માન પત્ર મેળવે છે ત્યારે નાના ભુલકા ઓનો આનંદ સમાતો હોતો નથી.

વિદ્યાર્થી સન્માન સમારોહનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળી રહે અને તેમનું સન્માન કરીને શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતિ જનોમા શિક્ષણ નું મહત્વ વધે તેવા પ્રયત્નો કાયમી ધોરણે કરવામા આવે છે અને ભવિષ્યમાં પણ કરતા રહેશું. અમારો હેતુ જ્ઞાતિનાં દરેક બાળકો તેમજ યુવાભાઇઓ-બહેનો શિક્ષિત થાય અને બાળકોનુ ભાવિ ઉજ્જ્વળ બને તેવા શુભ ઇરાદા થી સમાજ દ્વારા શૈક્ષણિક પ્રવૃતિઓ ચલાવવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પુસ્તક સહાય ઘણા વર્ષોથી આપવામાં આવે છે. દરેક સમાજ ની પ્રગતિ નો આધાર શિક્ષણ ઉપર રહ્યો છે. છેલ્લા ઘણાં વર્ષોમા આવા પ્રયત્નો દ્વારા સમાજ માં શૈક્ષણિક પ્રગતિ થઇ છે. શ્રી ગુર્જર ક્ષત્રિય કડીયા જ્ઞાતીમાં ડોકટરર્સ, એન્જીનીયર્સ, એડવોકેટસ, સોફટવેર એન્જીનીયર્સ તેમજ સરકારી ઓફીસર બનવા લાગ્યા છે. બાંધકામ ના વ્યવસાય ઉપર આધારિત આ સમાજ ધીરે ધીરે શૈક્ષણીક ક્રાંતી દ્વારા અન્ય વ્યવસાય તરફ વળવા લાગ્યો છે. જે રીતે આધુનીક દુનિયામાં વિશ્વ આગળ વધી રહયુ છે તે જોતા એવુ લાગે છે કે શિક્ષણ સિવાય સમાજની પ્રગતી શકય નથી તેવું હવે સમાજના લોકો સમાજવા લાગ્યા છે. પરંતુ શ્રી ગુર્જર ક્ષત્રિયા કડીયા જ્ઞાતી રાજકોટના પ્રમુખશ્રી નરેનદ્રભાઇ સોલંકી (નરેન્દ્રબાપુ ગુરુ શ્રી જીવરાજ બાપુ) દ્વારા મેગા સરસ્વતી સન્માન સમારોહ તા. ૨૧-૯-૨૦૨૫ ને રવિવાર યોજવામાં આવી રહયો છે જે કાર્યક્રમની સમાજના દરેક વિદ્યાર્થી દિકરા-દિકરીઓ તેમજ બાળકોના વડીલો અને તેના વાલીઓ ખુબ જ આતુરતા પૂર્વક રાહ જોઇ રહયા હોય છે. કારણ કે હજારો લોકોની હાજરીમાં પોતાના દિકરા દિકરીઓને ઇનામ મળે ત્યારે તાળીઓના ગળગળાટથી વધાવવ-ામાં આવે છે. જેના કારણે બાળકોને શિક્ષણ માટેની પ્રબળ બળ મળી રહે છે. જેના કારણે બાળકોમાં શિક્ષણ માટેની રૂચીઓ વધતી હોય છે. હાલની આ ૨૧ મી સદીમાં શિક્ષણ એ જ મોટામાં મોટુ જ્ઞાન છે બાળકો શિક્ષીત તેમજ દિક્ષીત બને તે હાલના સંજોગોમાં ખુબજ જરૂરી છે માટે દરેક વાલીઓને તેમજ દરેક બાળકોને આ કાર્યક્રમની અંદર ભાગ લેવા માટેની નરેન્દ્રભાઇ સોલંકી દ્વારા અપીલ કરવામાં આવે છે.

આ વિશાળ આયોજનને સફળ બનાવવા માટે નરેન્દ્રભાઇ સોલંકી તેમજ સમગ્ર સમાજના માર્ગદર્શન તેમજ રાહબરી નીચે કડિયા જ્ઞાતીના તમામ આગેવાનશ્રીઓ તેમજ તમામ પ્રકારના કાર્યકર્તાઓ પણ ખુબજ આત્મીયતા પૂર્વક આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રય્તનશીલ છે. આ માટે સમાજમાંથી સમાજના આગેવાનશ્રીઓ, બીલ્ડરશ્રીઓ, ડોકટરશ્રીઓ, વકીલ શ્રીઓ, એન્જીનીયરઓ, આર્કીટિકઓ તેમજ જ્ઞાતિના દરેક નોકરીયાતઓ, જ્ઞાતિના દરેક ભાઇઓ-બહેનો દ્વારા આ શૈક્ષણિક કાર્યક્રમ માટે સમાજની અંદર સમાજના દરેક બાળકોને તેમજ સમાજના દરેક યુવા ભાઇઓ-બહેનો ને યોગ્ય પ્રમાણમાં શિક્ષણ મળી રહે તે માટે મન મુકી હર હંમેશ દિલ ખોલીને દાન આપતા હોય છે. સમાજમાથી દાન પ્રાપ્ત થાય તે મેળવવા માટે થઇ અને સમાજના કાર્યકર્તાઓ સમાજના જ્ઞાતી બંધુઓ સાથે જ્ઞાતી અગ્રણીઓ મુલાકાત લઇ રહયાં છે.ત્યારે સમાજના આ શિક્ષણનાભગીરથ કાર્યમાં શકય હોય તેટલુ મદદરૂપ થવા માટે સમાજના દરેક વડીલો, દરેક લોકોને સમાજ માટે મદદ કરવાની અપીલ કરવામાં આવે છે. સરસ્વતી સન્માન સમારોહને સફળ બનવવા અને જ્ઞાતીના વિદ્યાર્થીઓને મદદ રૂપ થવાના ઇરાદાથી જ્ઞાતી સમસ્ત રાજકોટ સાથે જોડાયેલ સંસ્થાઓમાં શ્રી ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી ટ્રસ્ટ, શ્યામ વાડી ટ્રસ્ટ રાજકોટ, ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી વિદ્યાથી મંડળ, ગુર્જર ક્ષત્રીય કડીયા જ્ઞાતી વિદ્યાથી બોર્ડીંગ, શ્યામ મંદીર સમીતી રાજકોટ તેમજ અન્ય નાની સંસ્થાઓ તથા મંડળો પણ પોતપોતાની રીતે સહાયભુત થવા માટે પ્રયત્ન શીલ છે. આ તકે જ્ઞાતીની તમામ સંસ્થાઓ તથા મંડળોના દરેક હોદેદારો દ્વારા આ ભવ્ય આયોજનને સફળ બનાવવા તન-મન-ધન થી સહયોગ આપી રહયાં છે. હાલના સમય અને સંજોગો પ્રમાણે જ્યારે એકવીસમી સદી ચાલી રહી છે ત્યારે પ્રેસ મીડીયા ઇલેકટ્રોનીક મીડીયા તેમજ દરેક સમાજના બાળકો તેમજ યુવાનો સાથે આપણાં સમાજના બાળકો આપણા સમાજના યુવાભાઇઓ બહેનો પણ તેઓની સાથે કદમથી કદમ મીલાવી સામાજીક અને શૈક્ષણિક રીતે આગળ વધી શકે તેમજ આપણા સમાજના વડીલો પણ સમાજની આદર ભાવના સાથે માથું ઉચુ કરી જીવી શકે તે માટે પણ સમાજની અંદર વધારેમાં વધારે શીક્ષણની આવશ્યકતા છે ખુબ જ જરૂરી છે. તો અમારી સમગ્ર સમાજના વિદ્યાર્થી દીકરા દીકરીઓને આ કાર્યક્રમની અંદર ભાગ લેવા માટેનું જાહેર આમંત્રણ છે. તેમજ સમાજના દરેક દાતાઓને અમારી હૃદય પૂર્વકની અપીલ છે. આ કાર્યક્રમ માટે આપ સર્વેએ ઉપસ્થિત પણ રહેવાનું છે તેમજ મન મુકીને દાન આપવા માટે અપીલ કરવામાં આવે છે.

સરસ્વતી સન્માન સમારોહમાં ઉપસ્થિત રહેવા તથા પોતાના માટે ઇનામ, નોટ બુક્સ સેટ અને સ્કુલ બેગ મેળવવા માટે નાના બાળકો તથા તેમના વાલીઓ ખુબજ ઉત્સુખ છે કારણ કે તેમના દિકરા-દિકરીઓને જયારે ઇનામો મળતા હોય છે ત્યારે હજારો તાલીઓના ગળગળાટ થી દિકરા-દિકરીઓને પ્રોત્સાહન મળે છે જેથી દિકરા-દિકરીઓ ભણવામાં ખુબજ ઉત્સાહીત થાય છે. બાળકો ઇનામ મેળવીને આનંદની જે અનુભુતી મેળવે છે તે ખરેખર જોવા લાયક હોય છે. તેમની ખુશી જોઇને તેમના વાલીઓ પણ આનંદ અનુભવે છે તો હવે આપસૌ તાત્કાલીક આપના દિકરા-દિકરીઓના ફોર્મ ભરી અને પરત પહોંચાડશો જેથી જ્ઞાતિને ઇનામની વસ્તુઓ લેવામાં તેમજ સીલ્ડો બનાવવામાં પણ ખુબજ સમય જતો હોય છે જેથી વેહલામાં વહેલા આપણા દિકરા-દિકરીઓના ફોર્મ ભરી આપેલ તારીખ મુજબ પહોંચાવા જ્ઞાતિ સમસ્ત દ્વારા અપીલ કરવામાં આવે છે.

# હાથી પર અમાનુષી અત્યાચાર ગુજારીને ભગવાન જગન્નાથ ક્યારેય પ્રસન્ન ન થાય: તુષિત પાણેરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદ જગન્નાથ મંદિર ના હાથીખાનામા એક મહાવત બાંધી ને રાખેલા એક ગજરાજ ને લાકડી વડે બેફામ માર મારી રહ્યો હોવાનો વિડિયો વાઈરલ થતા લોકો મા ખૂબ રોષ ફાટી નીકળ્યો છે , ૪૩ સેકન્ડ ના આ વીડિયો મા મહાવતે ગજરાજ ને લાકડીઓ ના ૧૯ ફટકા માર્યા . . આ વીડિયો રથયાત્રા પહેલા નો હોય કે પછીનો આ રીતે અબોલ વન્ય જીવો ને બેરહેમી થી માર મારવો , તેમના પર ત્રાસ ગુજારવો એ કાયદાકીય રીતે ગુન્હો બને છે , આ મામલે ભારતીય દંડ સંહિતા ની કલમ ૪૨૮ અને ૪૨૯ હેઠળ કાર્યવાહી થતી હતી પરંતુ કાયદા મા બદલાવ થવા ને કારણે ભારતીય ન્યાય સંહિતા ( બી એન એસ ) ની કલમ ૩૨૫ હેઠળ કોઈ વ્યક્તિ પ્રાણીઓને શારીરિક ઈજા પહોંચાડે છે કે પ્રાણીને મારી નાખે , ઝેર આપે , અપંગ બનાવે છે અથવા તો કોઈ પણ કારણ થી પ્રાણીઓ ને શારીરિક નુકસાન પહોંચાડે છે , પછી ભલે તે પ્રાણી ઘરેલું હોય કે વન્ય પ્રાણી હોય . . પ્રાણીઓ પર અત્યાચાર કરવો , માર મારવો એક ગંભીર ગુનો બને છે જેના માટે દોષિત વ્યક્તિ ને પાંચ વર્ષ સુધીની કેદ અને દંડ અથવા તો બંને થઈ શકે છે. સજા ગુનાની ગંભીરતા અને પ્રાણીને થયેલા નુકસાનની માત્રા પર આધાર રાખે છે કેમ રાજકોટના સામાજિક અગ્રણી તુષિત પાણેરી એ જણાવ્યું હતું

તેમણે એ વાતનો ઉલ્લેખ કર્યો કે પ્રાણીઓ માટે કાર્ય કરી રહેલી PETA ( પીપલ્સ ફોર ધ એથીકલ ટ્રીટમેન્ટ ઓફ એનિમલ્સ ઈન્ડિયા ) નામની એક સંસ્થા એ ગુજરાત ના મુખ્યમંત્રી ને પત્ર લખીને માંગ કરી છે કે જાહેર શોભાયાત્રા મા હાથીઓ ના ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવે . . આ સંવેદનહીન અમાનવીય કૃત્ય ને અખિલ ભારતીય સંત સમિતિ ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ચારેય પીઠ ના ચાર પીઠાધિશ્વર જગદગુરુ શંકરાચાર્યો ના અધિકૃત પ્રવકતા જ્યોતિરનાથજી મહારાજે પણ કડક શબ્દો મા વખોડી કાઢ્યું છે . . વૈજ્ઞાનિક રિસર્ચ મુજબ પ્રાણીઓ હિંસા કરતા પ્રેમ અને લાગણી ની ભાષા મા વધુ સરળતા થી મનુષ્ય સાથે ભળી શકે છે , મનુષ્ય ને સમજી શકે છે.

આ તકે જ્યારે અમદાવાદ જગન્નાથ મંદિર ના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા ને પૂછ્વામાં આવ્યું ત્યારે તેમણે ખુબ બેજવાબદાર શરમજનક નિવેદન આપ્યું કે મહાવત જે લાકડી થી ગજરાજ ને મારી રહ્યો છે તે લાકડી એટલી મોટી નહોતી કે હાથી ને ઈજા પહોંચે. આ સિવાય જગન્નાથ મંદિર ના મહંત દિલીપદાસજી મહારાજ નું પણ એક બેહુદુ નિવેદન સામે આવ્યું છે કે હાથીને તેની જ ભાષા મા સમજાવવા માટે મહાવતે માર્યો હશે ત્યારે ત્યારે તુષિત પાણેરીએ દિલીપદાસજી મહારાજ ને ખુલ્લો પડકાર ફેકી જણાવ્યું કે મારી સાથે લોકો ની હાજરી મા જાહેર ચર્ચા કરે કે સનાતન હિન્દુ ધર્મ ના ક્યાં શાસ્ત્ર મા લખ્યું છે કે આવી રીતે નિર્દોષ પ્રાણીઓ ને માર મારવાથી જ તેને સમજાવી શકાય ?? શું આ ધર્મ વિરોધી કૃત્ય નથી ?? સનાતન હિન્દુ ધર્મ ના શાસ્ત્રો મા સ્પષ્ટ ઉલ્લેખ છે કે નિર્દોષ અબોલ પશુ પક્ષી ને ઈજા પહોચાડનાર પાપ ના ભાગીદાર બને છે , જેને ઈશ્વર પણ ક્ષમા આપતા નથી. જગન્નાથ મંદિર ના હાથીખાના મા એક ગજરાજ પર મહાવત દ્વારા લાકડીઓ વડે બેફામ માર મારવામાં આવી રહ્યો છે ત્યારે મંદિર ના ટ્રસ્ટી મહેન્દ્ર ઝા અને મંદિર ના મહંત દિલીપદાસજી મહારાજ આ ઘટના ને દબાવવા ઢાંક પિછોડો કરી રહ્યા છે .

વળી આપણા સનાતન હિન્દુ ધર્મ મા હાથી ને ભગવાન ગણેશ નું જીવંત સ્વરૂપ માનવામાં આવે છે , દરેક મંગલ કાર્ય કે પૂજા વિધિ મા સૌપ્રથમ ગણેશજી નું સ્થાપન કરવામાં આવે છે ત્યારે હાથી પર આવો અત્યાચાર ગુજારવા થી શું ભગવાન જગન્નાથ પ્રસન્ન થઈ શકે ખરા ??

# વોર્ડ નં.૮-૧૦માં ચાલુ વરસાદે ડામર કામ

## વિજીલન્સ તપાસની કોંગ્રેસની માંગણી: કોન્ટ્રાકટર અને અધિકારીઓ સામે પગલા ભરો: લક્ષ્મીનગરમાં બહેનોએ નવા રોડમાંથી ખોબા ભરીને ડામર ઉપાડયો!





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ડામર રોડ પર ખોદકામ, પાઈપલાઇન પાથરવાની કામગીરી, ખાડા બુરવા સહિતના કામો સામે લોકોને પડતી અગવડતાનો અંત આવતો નથી. હવે ચોમાસામાં ખાડા બુરવાથી માંડી પેચવર્કના કામ ચાલુ હોય, ચાલુ વરસાદે પણ ડામર થતા હોવાની ફરિયાદો વધી છે. તેમાં વોર્ડ નં.૮ના લક્ષ્મીનગર અને વોર્ડ નં.૧૦ના રામપાર્ક મેઇન રોડ પરથી ગઇકાલે ડામર કામ શરૂ થતા તેની ગુણવત્તા સામે સવાલો ઉઠાવી વિરોધ પક્ષ કોંગ્રેસે અધિકારીઓ અને કોન્ટ્રાકટરો સામે વિજીલન્સ તપાસની માંગણી કરી છે.

વોર્ડ નં.૮ના લક્ષ્મીનગર વિસ્તારમાં ચાલુ વરસાદમાં નબળુ ડામર કામ થયાની લોકોએ ફરિયાદ કરી છે. આ વિસ્તારના બહેનો આજે સવારે એકઠા થયા હતા. ડામર કામ માત્ર મેટલ નાંખીને કરી દેવાયાનો આક્ષેપ તેમણે કર્યો હતો.

રોડ પર મેટલનો ભૂકકો હાથમાં આવી જાય છે. અત્યારથી આ રોડ પર ખાડા છે. કોઇ જાતનું લેવલીંગ કે ફીલીંગ કરાયું નથી. આ કામ કયાં સધી ટકશે તેવો સવાલ વિસ્તારના બહેનોએ કર્યો હતો.

દરમ્યાન ન્યુ રાજકોટના વોર્ડે નં.૧૦માં પણ આવી ફરિયાદો આવી છે. કોંગ્રેસે રજુઆતમાં જણાવ્યું છે કે, શહેરના વોર્ડ નંબર ૧૦ માં રામપાર્ક મેઈન રોડ પર વેદાંત એપાર્ટમેન્ટ પાસે શેરીઓમાં ગઈકાલથી ડામરનું કામ ચાલી રહ્યું હોવાનું જાણવા મળ્યું છે.

શાસકોએ અગાઉ જાહેર કરેલ હતું કે જેટ પેચર દ્વારા ડામર કામ ચાલુ વરસાદે પણ થઈ શકશે. આ પદ્ધતિનું શહેરમાં અમલીકરણ કરવામાં આવશે પરંતુ આજે એવું લાગે છે કે આ ડામર કામ જેટ પેચર પદ્ધતિને બદલે જે જૂની પદ્ધતિ છે તે રીતે ડામર કામ થઈ રહ્યું છે. ચાલુ વરસાદે અને ખાડામાં ડામર કામ થાય તો તેની ગુણવત્તા જળવાઈ નહીં અને કરેલ ડામર પણ ઉખડી જવાની પૂરેપૂરી શક્યતા રહે છે.

વોર્ડ નંબર ૧૦માં ચાલુ વર્ષ સાથે થઇ રહેલા ડામર કામ અંગે વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ કરવી જોઇએ. ચાલુ વરસાદે ડામર થઈ ન શકે એવી જોગવાઈ છે ત્યારે જો વરસતા વરસાદે ડામર કરવામાં આવતો હોય તો કસુરવાન કોન્ટ્રાક્ટર અને જવાબદાર અધિકારી સામે વિજીલિયન્સ તપાસ કરી કડક કાર્યવાહી કરવા વિપક્ષે માંગણી કરી છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ રાજદિપસિંહ જાડેજા અને પૂર્વ પ્રમુખ, મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષી નેતા અતુલ રાજાણીએ જણાવ્યા મુજબ મહાનગરપાલિકામાં બાંધકામ શાખામાં ડામર કામમાં કરોડોનો ભ્રષ્ટાચાર થાય છે તે જગ જાહેર છે.

કામની ગુણવત્તા જળવાતી નથી જેને પગલે શહેરમાં ખાડાઓનું સામ્રાજ્ય છે. યોગ્ય સમયે પેચ વર્ક અને ડામર કામ ન થતું હોવાને પગલે જાગનાથ સહિતના વિસ્તારોમાં આજે પણ ખાડા સહિતની સમસ્યાઓથી લોકો ત્રસ્ત છે.

# પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટના અધિક્ષક શૈલેષભાઈ ગોહિલને વિદાયમાન અપાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**



મોરબી માહિતી કચેરી ખાતે પોસ્ટિંગ ધરાવતા તથા પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે કામગીરી વ્યવસ્થા માટે અધિક્ષક તરીકે ફરજ નિભાવતા શૈલેષભાઈ ગોહિલ વય નિવૃત્ત થતા તેમને રાજકોટ પ્રાદેશિક માહિતી કચેરી ખાતેથી વિદાયમાન અપાયું હતું.

માહિતી ખાતામાં ૩૩ વર્ષથી વધુ સમય સુધી ફરજ અદા કરનારા શ્રી શૈલેષભાઇ ગોહિલને મોરબી અને રાજકોટ જિલ્લા માહિતી પરિવાર દ્વારા પુષ્પગુચ્છ, સાકર પડો, શ્રી ફળ તથા શાલ ઓઢાડીને સન્માનિત કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, શૈલેષભાઈએ ઉનાથી પોતાની નોકરીની શરૂઆત કર્યા બાદ વીરપુર, રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ, મોરબી ખાતે ફરજ અદા કરી છે.

આ તકે રાજકોટ, મોરબી અને જામનગરના સહિતના જિલ્લા માહિ-તી કચેરી ખાતેથી પધારેલા માહિતી કર્મીઓ દ્વારા શૈલેષભાઇને ભેટ સોગાદો આપીને નિવૃતિ જીવનની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. કાર્યક્રમ પ્રસંગે શૈલેષભાઈએ વિવિધ જિલ્લાઓ ખાતે પોતે બજાવેલી ફરજને યાદ કરી માહિતી ખાતાના તમામ અધિકારીઓ તથા કર્મચારીશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામક મિતેષભાઈ મોડાસીયા, નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી, મોરબી જિલ્લા માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક પારુલબેન આડેસરા, પૂર્વ સંયુક્ત માહિતી નિયામક રાજુભાઈ જાની, પૂર્વ નાયબ માહિતી નિયામક નિરાલા જોશી, પૂર્વ સહાયક માહિતી નિયામક જગદીશભાઈ સત્યદેવ, અન્ય માહિ-તી કર્મીઓએ શૈલેષભાઈ સાથેના પોતાના સંસ્મરણો વાગોળ્યા હતા. આ પ્રસંગે સરકારી પ્રેસના પ્રદીપભાઈ પરસાણા પણ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ સહાયક માહિતી નિયામક રાધિકાબેન વ્યાસે કરી હતી. આ તકે માહિતી પરિવારનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# વરસાદમાં વિખૂટી પડેલી માનસિક રીતે અસ્થિર દીકરીનું માતા સાથે મિલન કરાવતી અભયમ ટીમ

## અભયમના સમજદારીભર્યા કાઉન્સેલિંગથી નિસહાય માતા-પુત્રીના મિલન સાથે 'મા'ની આંખોમાં વરસી હરખની હેલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૮૧ અભયમના સહકારથી ઘણાં પરિવારો વિખૂટા પડતાં બચ્યાં છે. આવો જ એક કિસ્સો હાલ રાજકોટમાં જોવા મળ્યો છે. જેમાં માનસિક રીતે અસ્થિર યુવતી માતાથી વિખુટી પડતા અભયમ ટીમ મદદરૂપ બની છે.

આ કિસ્સામાં એક જાગૃત નાગરિક દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇનમાં કોલ આવ્યો કે, એક યુવતી આજે સવારે ૧૦૦૦ વાગ્યાથી ચોકમાં બેઠા છે. જેને મદદની જરૂર છે. જેના પગલે ૧૮૧ અભયમના કાઉન્સેલર કાજલબેન પરમાર ટીમ સાથે સ્થળ પર પહોંચ્યા હતાં. યુવતી મુશળધાર વરસાદમા ભીંજાઈ રહી હતી. આસપાસના એકઠા થયેલા લોકોએ ટીમને જણાવ્યું હતું કે, અમે લોકોએ યુવતી સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તે કંઈપણ જવાબ આપતા નથી.

આ સ્થિતિમાં ટીમે યુવતીને આશ્વાસન આપતા તેણે કાજલબેનને જણાવ્યું હતું કે, મને મારા માતા હમણાં લેવા આવશે, યુવતીએ આ વાતનું રટણ સતત ચાલુ રાખ્યું હતું. આ યુવતી સવારની માતાની રાહ જોવે છે. અભયમ ટીમને યુવતીની માનસિક સ્થિતિ અયોગ્ય હોવાનું જણાતા યુવતીનું કાઉન્સલિંગ કરતા માહિતી મળી કે, યુવતીના ઘરના સભ્યોમાં એક માતા હોવાનું જણાય રહ્યું છે. કેમ કે યુવતી વારંવાર માતા લેવા આવશે તેવું અભયમને જણાવી રહી હતી. યુવતીને એડ્રેસ પૂછતાં તેને એ બાબતનો ખ્યાલ ન હતો. યુવતી બસ એક જ વાત કરતી હતી કે, મારા માતા મને લેવા આવશે. આથી ટીમ દ્વારા યુવતીને માતાનો ફોન નંબર પૂછતાં તેણીએ કહ્યું કે હું કોઈને નંબર ના આપું. પરંતુ ફોન નંબર વિના સંપર્ક કેમ કરવો તેમ પૂછતાં આખરે નંબર લખી આપ્યો.

જે નંબર ડાયલ કરતા યુવતીની માતા સાથે અભયમ ટીમે સઘળી વાત કરી. વાત કર્યા બાદ તેનું એડ્રેસ મેળવી ઘરે પહોંચ્યા હતાં.

દીકરીને હેમખેમ ઘરે પરત ફરતા જોઈ માતા રડવા લાગ્યા હતા. અભયમ ટીમે તમામને આશ્વાસન આપી બંનેને શાંત પાડી દીકરીને સુપરત કરી હતી. યુવતીના માતાએ જણાવ્યું હતું કે, મારી દીકરીની સમજણ શક્તિ ઓછી હોવાથી હું જ્યાં જાવ છું, ત્યાં મારી દીકરીને સાથે લઈ જાવ છું. આજે હું સવારે બજારમાં મારી દીકરીને સાથે લઈ નીકળી હતી. પરંતુ વરસાદમાં તે રીક્ષામાંથી ક્યારે ઊતરી ગઈ તેનો મને ખ્યાલ જ ન રહ્યો. હું સવારની તેની પાછા આવવાની રાહ સાથે આસપાસ તપાસ કરતી હતી. પરંતુ વરસાદમાં હું પણ એકલી તેને શોધવામાં સફળ ના રહી. મારી દીકરીને પરત શોધી લાવ્યા તે બદલ અભયમ ટીમની માતાએ સરાહના કરી આભારની લાગણી વ્યક્ત કરી હતી.

પરિવારથી વિખુટા પડેલા સભ્યને પરત જોઈ 'મા' જેટલો હરખ કદાચ દુનિયામાં અન્ય કોઈને પણ ના થાય. એટલે જ કહેવત છે ને, 'મા તે મા બીજા વગડાના વા'

# નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર મહેશ જાનીની ઉપસ્થિતિમાં જેતપુરમાં ૨૩૦ બાળકોનો થયો શાળાપ્રવેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ઝોનની નગરપાલિકાઓના પ્રાદેશિક કમિશનર મહેશ જાનીની અધ્યક્ષતામાં જેતપુરમાં ત્રણ શાળાઓમાં પ્રવેશોત્સવ તેમજ કન્યા કેળવણી મહોત્સવ યોજાયો હતો. જેમાં આંગણવાડીથી લઈને ધો.૧૧ સુધીમાં ૨૩૦ બાળકો-વિદ્યાર્થીઓનો શાળાપ્રવેશ કરાવાયો હતો.

મહેશ જાનીની ઉપસ્થિતિમાં જેતપુરમાં ૨૮મી જૂને શાળા નંબર-૧૯, અક્ષર કન્યાવિદ્યાલય તથા લાયન્સ હાઇસ્કૂલ-જેતપુરમાં પ્રવેશોત્સવ યોજવામાં આવ્યો હતો. આ શાળાઓમાં વિદ્યાર્થીઓના શાળાપ્રવેશ સાથે તેમને શૈક્ષણિક કિટનું પણ મહાનુભાવોના હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રવેશોત્સવ દરમિયાન આંગણવાડીમાં પાંચ, બાલવાટિકામાં ૨૫, ધો.૧માં સાત તેમજ ધો.૯માં ૮૫ કુમાર તથા ૬૧ કન્યા મળીને કુલ ૧૪૬ તથા ધો.૧૧માં ૪૭ છાત્રોએ ઉમંગભેર શાળાપ્રવેશ કરીને જ્ઞાનયાત્રાનો આરંભ કર્યો હતો. આ તકે શ્રી મહેશ જાનીએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામના પાઠવી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ રાજકીય, સામાજિક અગ્રણીઓ, વાલીગણ, આચાર્યો, શિક્ષકો વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ દરમિયાન મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# રાજકોટ જિલ્લાના સ્પર્ધકો-કલાવૃંદો ૨૦ જુલાઈ સુધી કલા મહાકુંભ સ્પર્ધા માટે અરજી કરી શકશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા ''કલા મહાકુંભ ૨૦૨૫-'૨૬''નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કલા મહાકુંભમાં ૦૬થી ૧૪ વર્ષ, ૧૫થી ૨૦ વર્ષ, ૨૧થી ૫૯ વર્ષ તથા ૬૦ વર્ષથી ઉપર એમ કુલ ૦૪(ચાર) વય જુથનાં સ્પર્ધકો ભાગ લઈ શકશે. સ્પર્ધકની ઉંમર તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગણવાની રહેશે. સ્પર્ધા તાલુકા/ઝોનકક્ષાથી જિલ્લાકક્ષા, પ્રદેશકક્ષા, અને રાજયકક્ષા એમ ક્રમશ યોજવામાં આવશે.

કલા મહાકુંભ સ્પર્ધામાં વક્તૃત્વ, નિબંધ લેખન, કાવ્ય લેખન, ગઝલ શાયરી, લોકવાર્તા, દુહા-છંદ-ચોપાઇ, ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી, લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથ્થક, કુચિપુડી, ઓડેસી, મોહીનીઅટ્ટમ, શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની), સુગમ સંગીત, લગ્ન ગીત, સમૂહ ગીત, લોકગીત/ભજન, હાર્મોનિયમ (હળવું), તબલા, ઓરગન, સ્કુલ બેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખવાજ, વાયોલીન, મૃદંગમ, રાવણ હથ્થો, જોડિયા પાવા, એક પાત્રીય અભિનય, ભવાઇ સહિત ૩૭ કૃતિઓનું આયોજન કરવામાં આવશે.

કલા મહાકુંભમાં રાજકોટ શહેર અને ગ્રામ્યનાં ભાગ લેવા ઈચ્છુક સ્પર્ધકોએ નિયત નમુનાના અરજીફોર્મમાં પોતાની સંપૂર્ણ વિગત ભરી આધારકાર્ડ અને બેંક પાસબુકનાં પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ સાથે ''પ્રતિ, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી,૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ'' ખાતે તા.૨૦/૦૭/૨૦૨૫નાં રોજ બપોરે ૧૨ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. નિયત સમય મર્યાદા બાદ આવેલી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી, તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

# મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતી અભયમ્ ટીમ

## રાજકોટમાં ૧૮૧ મહિલા હેલ્પલાઇન ટીમે ભૂલા પડેલા વૃદ્ધાને સુરક્ષિત રીતે ઘરે પહોંચાડ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૧૮૧ મહિલા હેલ્પલાઇન ટીમે ફરી વાર કર્તવ્યનિષ્ઠાનું ઉત્તમ દ્રષ્ટાંત પૂરું પાડ્યું છે. ભૂલા પડેલા એક વૃદ્ધાને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડી ટીમે માનવતાનું કાર્ય કર્યું છે. જેના કારણે વૃદ્ધાના પરિવારજનોએ અભયમ્ ટીમનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

એક જાગૃત નાગરિકે ૧૮૧ મહિલા હેલ્પલાઇન પર કોલ કરીને જાણ કરી કે, એક વૃદ્ધ માજી રસ્તા પર બેઠા છે અને તેમને મદદની જરૂર છે. કોલ મળતાની સાથે જ અભયમ્ ટીમના કાઉન્સિલર બીનાબેન ગોહિલ, કોન્સ્ટેબલ મનીષાબેન અને પાયલોટ વિજયભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે રવાના થયા હતા.

ટીમે સ્થળ પર પહોંચીને જોયું કે, વૃદ્ધ માજી ચિંતાતુર હાલતમાં રસ્તા પર બેઠા હતા. સજ્જન સાથે પરામર્શ કરતા જાણવા મળ્યું કે, માજીને તેમના ઘરનું સરનામું યાદ નથી. અભયમ્ ટીમે માજીને આશ્વાસન આપ્યું, પાણી પીવડાવ્યું અને તેમની સાથે વાતચીત કરી. માજીએ જણાવ્યું કે, ઘરેથી નીકળી ગયા છે અને ઉંમરના કારણે યાદશક્તિ નબળી પડતાં ઘરનું સરનામું યાદ નથી. તેમણે એ પણ જણાવ્યું કે, દીકરા સાથે રહે છે, જે મજૂરી કામ કરે છે.

આ દરમિયાન રસ્તા પરથી પસાર થતા એક વ્યક્તિએ માજીને તેમના વિસ્તારમાં જોયા હોવાનું જણાવ્યું પરંતુ ઘરના સરનામા વિશે તેમને પણ ચોક્કસ માહિતી ન હતી. જો કે તેમની પાસેથી મળેલા અંદાજિત સરનામા (૧૫૦ ફીટ રીંગ રોડ) પર અભયમ્? ટીમ પહોંચી અને આજુબાજુ પૂછપરછ કરતા માજીનું ઘર શોધી કાઢ્યું.

અભયમ્ ટીમે માજીને સુરક્ષિત તેમના ઘરે પહોંચાડ્યા અને તેમને એકલા ઘરની બહાર ન નીકળવા અંગે સમજાવ્યા. થોડા સમય બાદ માજીના પુત્ર ઘરે આવતા ટીમે તેમને પણ પરિસ્થિતિ સમજાવી. માજીના પુત્રે જણાવ્યું કે ઘરમાં માતા સાથે રહે છે અને બે બહેનો સાસરે છે. તેમણે ઉમેર્યું કે કામ કરવા બહાર ગયા અને તેમના માતા ઘરેથી બહાર નીકળી ગયા હતા. તેમણે એ પણ જણાવ્યું કે માતાને વૃદ્ધાવસ્થાને કારણે ભૂલવાની બીમારી છે અને આ પહેલા પણ એક વાર ઘરેથી બહાર નીકળી ગયા હતા. માજીના પુત્રે જણાવ્યું કે, બહારથી જમવાનું લાવે છે, ઘરનું બધું કામ જાતે કરે છે અને માતાની સંપૂર્ણ સારસંભાળ રાખે છે.

ભવિષ્યમાં આવી પરિસ્થિતિ ન સર્જાય, તે માટે અભયમ્ ટીમે સાવચેતીના ભાગરૂપે માજીના પુત્રનો નંબર અને ભાણેજનો નંબર એક કાગળ પર લખીને માજીને આપ્યો હતો. જેથી, . અભયમ્ ટીમે માજીને સુરક્ષિત રીતે તેમના ઘરે પહોંચાડતા માજીના પુત્રે ટીમ પ્રત્યે ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટના ૧૮૧ મહિલા હેલ્પલાઇનની સતર્કતા અને સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. આમ, કહી શકાય કે ગુજરાત સરકારની અભયમ્ ટીમ સમાજમાં મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

# ગોંડલના જામવાડી પાસે સૂતેલા શ્રમિક યુવાન પર ટ્રક ફરી વળતા મોત

## મૃતક યુવકના ત્રણ મહિના પહેલા જ લગ્ન થયા હતા, ટ્રક ચાલકને ઝડપી લેવા પોલીસની તજવીજ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નજીક જામવાડી ચોકડી પાસે નેશનલ હાઈવેનું કામ ચાલી રહ્યું છે. દરમિયાન અહીં મજૂરી કામ કરનાર અને અહીં જ ઝૂંપડામાં રહેતો શ્રમિક યુવાન રાત્રીના ઝૂંપડા બહાર સૂતો હતો ત્યારે ટ્રક ચાલકે બેદરકારી પૂર્વક રિવર્સમાં વાહન ચલાવતા આ યુવાન ટ્રક હેઠળ કચડાઈ ગયો હતો. બાદમાં ટ્રકચાલક વાહન લઈ નાસી ગયો હતો. ગંભીર રીતે ઘવાયેલા રાજસ્થાની યુવાનનું સારવાર મળે તે પૂર્વે જ મોત થયું હતું. બનાવ અંગે યુવાનના સંબંધીની ફરિયાદ પરથી ગોંડલ બી ડિવિઝન પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. અકસ્માતમાં મોતને ભેટનાર શ્રમિક યુવાનના ત્રણ માસ પૂર્વે જ લગ્ન થયા હોવાનું જાણવા મળ્યું હતુ.પ્રાપ્ત વિગતો મુજબ, મૂળ રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લાના કેલાપાડા ગામના વતની અને હાલ ગોંડલ જામવાળી ચોકડી પાસે બાલાજી માર્કેટની બાજુમાં ઝૂંપડામાં રહેતા અંબાલાલ મોહનલાલ ડામોર (ઉ.વ ૨૩) નામનો યુવાન રાત્રિના રોડ નાં કાંઠે ઝૂંપડા પાસે બહાર સૂતો હતો ત્યારે અહીંથી પસાર થયેલા ટ્રક ચાલકે બેદરકારી પૂર્વક ટૂક રિવર્સમાં લેતા યુવાન ટ્રક હેઠળ ચડાઈ ગયો હતો. બાદમાં તેણે બૂમાબૂમ કરતા અને તેનો મિત્ર ઝુપડામાંથી બહાર આવી જોતા આ ટ્રક ચાલક ટ્રક લઈ નાસી ગયો હતો. ત્યારબાદ ગંભીર રીતે ઘવાયેલા આ યુવાનને સારવાર માટે ગોંડલ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવતા અહીં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે મૃતક અંબાલાલના કાકા પ્રેમભાઈ ગૌતમભાઈ ડામોર (ઉ.વ ૨૮ )દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેઓ મૂળ રાજસ્થાનના વતની છે અને તે તેનો ભત્રીજો અંબાલાલ અને અન્ય સગા વાલા સાથે અહીં જામવાડી પાસે નેશનલ હાઈવે રોડનું સિક્સ લાઈનનું કામ ચાલુ હોય જેથી વતનથી એકાદ માસથી અહીં ગોંડલ ખાતે મજૂરી કામે આવ્યા છે અને ઝૂંપડામાં રહે છે. ગઈકાલે રાત્રિના તેનો ભત્રીજો મિત્રના ઝૂંપડા પાસે સુવા ગયો હતો દરમિયાન આ ઘટના બની હતી. યુવકના મિત્રએ ટ્રકનો નંબર જીજે ૧૪ એટી ૧૪૨૨ હોવાનું જોયું હતું. જેથી આ અંગે બી ''ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અકસ્માત સર્જી નાસી ગયેલા ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. મૃતક અંબાલાલ ડામોરના ત્રણ માસ પૂર્વે જ લગ્ન થયા હતા બનાવને લઈ શ્રમિક પરિવારમાં ગમગીની છ્વાઈ ગઈ હતી.

# પ્રધુમનનગર પોલીસ મથકના મુદ્દામાલમાંથી સોનાનો ઢાળીયો ગાયબ થવા મામલે અંતે ફરિયાદ નોંધાઈ

## હાલ નિવૃત્ત થઈ ગયેલા જે તે સમયના તત્કાલીન એએસઆઈ વિરુદ્ધ ૬૫,૦૦૦ નો સોનાનો ઢાળિયો ઓળવી જવા અંગે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રહેવાસી મહિલાના ઘરમાંથી ૧૯૯૪ ના ચોરી થઈ હતી જે અંગેનો ગુનો દાખલ થયા બાદ ૧૯૯૮ માં પોલીસ દ્વારા આ ગુનો ડિટેક્ટ કરી ૬૫,૦૦૦ ની કિંમતનો સોનાનો ઢાળિયો પ્રથુમનનગર પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો હતો. જે મુદ્દામાલ જે તે સમયના તત્કાલીન એએસઆઈના કબજામાં રાખવામાં આવ્યો હતો. બાદમાં મહિલા દ્વારા પોતાનો મુદ્દામાલ કબજે કરવા અદાલતમાં અરજી કરવામાં આવી હતી જે અરજી અનુસંધાને અદાલતે ફરિયાદીનો મુદ્દામાલ પરત કરવા પોલીસને આદેશ કર્યો હતો. ત્યારે પોલીસ મુદ્દામાલ લેવા મુદ્દામાલ રૂમમાં પહોંચી અને કબાટમાં જોતા ઢાળીયો જોવા મળ્યો ન હતો. જેથી જે તે સમયે જાણવા જોગ નોંધ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી અને આ તપાસ દરમિયાન એવું જાણવા મળ્યું હતું કે, જે તે સમયના તત્કાલીન એએસઆઈ દ્વારા મુદ્દામાલ ગાયબ કરી દેવામાં આવ્યો છે. જે અંગે આજરોજ પ્રધુમનનગર પોલીસે હાલ નિવૃત જે તે સમયના તત્કાલીન એએસઆઈ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ અંગેની જાણવા મળતી વિગતો મુજબ, પ્ર.નગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.કે. ગોહિલ દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પ્ર.નગર પોલીસ સ્ટેશનના તત્કાલીન એએસઆઈ નવીનચંદ્ર બાલાશંકર ભટ્ટ (ઉ.વ.૬૦) નું નામ આપવામાં આવ્યું છે. ફરિયાદમાં જણાવ્યું હતું કે, પ્ર.નગરમાં થયેલી જાણવા જોગ એન્ટ્રીની તપાસ પી.એસ.આઈ બેલીમ ચલાવતા હોય તેની બદલી થતાં આ તપાસ ફરિયાદીને સોંપવામાં આવી હતી. જે અરજીમાં વર્ષ ૧૯૯૪માં થયેલી ચોરીમાં ૯/૧૦/૧૯૯૮ ના રૂ. ૬૫,૦૦૦ ની કિંમતનો સોનાનો ઢાળિયો કબજે કરવામાં આવ્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા ગત તા. ૧૮/૫/૨૦૨૪ ના કોર્ટ દ્વારા આ મુદ્દામાલ તેના માલિક મૃદુલાબેન અરવિંદભાઈ ઠાકરને પરત સોંપવા હુકમ કર્યો હતો. જેથી તેઓ અહીં પોલીસ સ્ટેશને આવ્યા હતાં. દરમિયાન પોલીસ સ્ટેશને જે કબાટમાં મુદ્દામાલ રાખવામાં આવે છે તેમાં તપાસ કરતા સોનાનો ઢાળીયો મળી આવ્યો ન હતો.

જેથી આ બાબતે જાણવા જોગ દાખલ કરી તપાસ કરતા ૧૯૯૮ માં પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રાઈટર હેડ તરીકે એએસઆઈ નવીનચંદ્ર બાલાશંકર ભટ્ટ ફરજ બજાવતા હતા. પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ રાઈટર હેડ તરીકે તેમની ફરજ દરમિયાન તેમણે પોલીસ સ્ટેશનમાં જમા કરવામાં આવેલ મુદ્દામાલની દેખભાળ અને સાચવણીની જવાબદારી રાખવાની હોય છે. વર્ષ ૧૯૯૮ માં સોનાનો ઢાળિયો તેમણે મુદ્દામાલ રાઇડર હેડ તરીકે સંભાળ્યા બાદ વર્ષ ૨૦૦૦ ની સાલમાં તેમના કબજામાં રહેલ તમામ મુદ્દામાલનું ચાર્જ લિસ્ટ અને મુદ્દામાલનો ચાર્જ અન્ય રાઈટરને સૌપ્યો હતો તે સમયે તેમણે સોનાનો ઢાળિયો સોંપ્યો ન હોય જે તપાસ દરમિયાન બહાર આવતા તત્કાલીન એએસઆઈ એન.બી.ભટ્ટ વિરુદ્ધ આઈપીસી આઈપીસીની કલમ ૪૦૯ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# હિમાચલમાં વાદળ ફાટવાથી ત્રણના મોત, 30 લાપતા

**મુખ્ય સમાચાર, મંડી**



જીલ્લામાં સોમવારની રાત્રે અને મંગળવારે વહેલી સવારે વાદળ ફાટવાની ઘટનાઓથી ભારે તબાહી મચી છે. કરસાંગ સરાજ અને ધર્મપુર ઉપમંડળોમાં આસમાની કહેરથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. કરસાંગમાં ત્રણ લોકોનાં મૃત્યુ થયા છે. જયારે અનેક ઘર, ગૌશાળાઓ અને વાહનો કાટમાળમાં દબાઈને તબાહ થઈ ગયા છે.આટલુ જ નહિં ૩૦ થી વધુ લોકો લાપતા બન્યા છે. ભારે વરસાદ અને ભુસ્ખલનનાં કારણે કેતરપુર, મનોલી ફોરલેન પુરી રીતે બંધ થઈ ગયો છે. જેથી વાહન વ્યવહારને અસર પડી છે. આથી સેંકડો લોકો સુરંગો અને રસ્તા પર ઠેરઠેર ફસાઈ ગયા છે.પ્રસાશન તરફથી તેમને પાણી ઉપલબ્ધ કરાવવામાં આવ્યુ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સ્કાય ડાયમંડની પાછળ જૈન ગાર્ડન રોડ પર પડેલા ખાડા લત્તાવાસીઓએ જાતે બુર્યા

## વોર્ડ નં.૧૧ના રહેવાસીઓ કોર્પોરેટરથી લોકો થાકયાઃ કાગળ પર વિકાસ દેખાડી સસ્તી પ્રસિધ્ધી મેળવતા પદાધિકારીઓથી થાકી સ્થાનિક લોકોએ જાત મહેનત જીંદાબાદ કહી જાતે કામગીરી કરી






**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના વોર્ડ નં.૧૧માં ખુબ જ વિકાસ થયો હોવાની બુમો પાડતા પદાધિકારીઓથી સ્થાનિક લોકો થાંકીને જાત મહેનત જીંદાબાદના સુત્ર સાથે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર સ્કાય ડાયમંડની પાછળ જૈન ગાર્ડન રોડ પર પડેલા ખાડા લોકોએ જાતે બુરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

સ્થાનિક લોકોએ આક્ષેપો સાથે જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાના અધિકારીઓ તથા વોર્ડ નં.૧૧ના કોર્પોરેટર ભારતીબેન ભાડલીયા, લીલુબેન જાદવ, રણજીતભાઇ સાગઠીયા, વિનોદભાઇ સોરઠીયાને અનેકવાર રજૂઆતો કરવા છતાં કોઇ નક્કર પરીણામ નહીં આવતા લોકો થાંકીને પોતાની જાતે જ ખાડા બુરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. આ વિસ્તારમાં લકઝરી ફલેટ ધરાવતા ૪૫૦ ફલેટ ધારકોના પરિવારજનોનું જીવન જોખમાય તેવા રસ્તા પર ખાડાઓ પડી ગયા હતા. આ કામગીરી કરવા માટે આગેવાનોએ ફાળો એકઠો કરી આ રોડ પરથી કાદવ કિચડ દુર કરી ખાડા બુરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. વધુમાં સ્થાનિક લોકોએ રોષ ઠાલવ્યો હતો કે, વિકાસની કામગીરીમાં નેતાઓ જશ ખાટે છે. નિષ્ફળતાનું ઠીકડું મનપાના અધિકારીઓ પર ફોડતા હોવાનો આક્ષેપ કર્યો હતો સાથે સાથે પ્રજાને હવે શાસક પક્ષના પદાધિકારીઓ તથા મનપાના અધિકારીઓ પરથી હવે ભરોષો ઉઠી ગયો હોય તેવું લાગી રહ્યું છે.

# રાજકોટ-જેતપુર સિક્સ લેન હાઈવેના કામ પરથી રૂ. ૯૫ હજારની લોખંડની પ્લેટોની ચોરી

### સીસીટીવી કેમેરામાં ચોરી કરતાં તસ્કરો કેદ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

રાજકોટ-જેતપુર સિક્સ લેન હાઈવેના ચાલતા કામ પર તસ્કરો ત્રાટકયા હતાં અને જામવાડી પાસે ચાલતી સાઈટ પરથી તસ્કરો રૂ.૯૫ હજારની ૪૦ પ્લેટો ઉઠાવી નાસી છૂટતાં ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે રાજકોટમાં ન્યુ રામેશ્વર સોસાયટી શેરી નં.૬ નાલંદા સ્કૂલની બાજુમાં રહેતાં હિરાભાઈ દેવદાનભાઈ ડાંગર (ઉ.વ.૪૮) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પ્રશાંત કંટ્રકશન એન્ડ બિલ્ડર્સ નામની પેઢી વીસેક વર્ષથી ચલાવે છે.

નેશનલ હાઈવે ઓથોરીટીના રાજકોટથી જેતપુર જતા નેશનલ હાઈવેમા બ્રીજ બનાવવાના પેટા કોંટ્રાકટર તરીકે કામ કરે છે.રાજકોટથી જેતપુર જતા નેશનલ હાઈવેમાં તેઓએ વીસેક બ્રીજનુ કંટ્રકશનનુ કામ રાખેલ છે.

ગઈ તા.૨૪ ના તેઓ ઘરે રાજકોટ ખાતે હતાં ત્યારે સવારમાં સાઈટનું ડ.ઈ.ઈ નામનુ ગૃપ હોય જેમાં તેમના ભત્રીજા વિમલભાઈ ડાંગરે ગોંડલ પાસે જામવાડી ગામે બ્રીજનુ કામ ચાલુ હોય ત્યાથી રાત્રે લોખંડની એકો પ્લેટની ચોરી થઈ ગયેલ હોવાનો મેસેજ નાખેલ હતો. જેથી ભત્રીજા વિમલભાઈને ફોન કરી ચોરી બાબતે વાતચીત કરતા જણાવેલ કે, જામવાડી પાસે પુલનુ કામ ચાલુ છે, ત્યાથી મોટી લોખંડની આશરે ૨૫ પ્લેટો તથા નાની લોખંડની આશરે ૧૬ પ્લેટો એમ કુલ આશરે ચાલીસેક જેવી લોખંડની પ્લેટો ચોરી થઇ ગયેલ છે.

જેથી તેઓએ બાબતની જાણ સાઈટ મેનેજર વિજયભાઈ રાઠોડને કરેલ અને તેને જામવાડી બ્રીજ પાસે જવાનું કહેલ, બાદ તેઓ પણ રાજકોટથી જામવાડી ગામ પાસે આવેલ બ્રીજ પાસે પહોંચેલ અને જોયેલ તો આશરે સો જેટલી લોખંડની પ્લેટો પડેલ હોય જેમાથી આશરે ચાલીસેક પ્લેટો ચોરી થઇ ગયેલનુ જણાઈ આવેલ હતું.

આજુબાજુ તપાસ કરતા પ્લેટો જોવામાં આવેલ નહી, જેથી સાઈટ ઉપર રાખેલ કેમેરા ચેક કરતા તા.૨૪ ના રાત્રીના બે વાગ્યે એક સફેદ કલરની પિકઅપ બોલેરો ગાડીમા આ રૂ.૯૫ હજારની લોખંડની પ્લેટો ભરી, ચોરી કરીને લઈ જતા શખ્સો જોવામાં આવેલ હતાં. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી હતી.

# રાજ્યના પોલીસ વડાને ૬ મહિનાનું એકસટેન્શન

### વિકાસ સહાય ૩૧ ડિસેમ્બર સુધી કાર્યરત રહેશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયને અંતે છ મહિનાનું એકસટેન્શન આપવામાં આવ્યું છે. વિકાસ સહાય આગામી તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી ડીજીપી પદે કાર્યરત રહેશે. સહાય આજે વય નિવૃત્ત થવાના હોય ગુજરાત પોલીસ ભવનમાં તેની વિદાયની જરૂરી તૈયારીઓ પણ કરવામાં આવી હતી. પરંતુ, સરકાર તરફથી અંતિમ કલાકોમાં વિકાસ સહાયને ત્રણ મહિનાનું એકસટેન્શન આપવાનો નિર્ણય કરાતા નવા ડીજીપી કોણ તેની ચર્ચા પર હાલ તો ત્રણ મહિના સુધી પૂર્ણ વિરામ મૂકાઇ ગયું છે.

અગાઉ કડક ઈમેજ ધરાવતા આઈપીએસ શિવાનંદ ઝા લાંબો સમય ડીજીપી રહ્યા હતા. તેઓ કોરોના સમયે રાજ્યના કાયમી પોલીસવડા હતા. એ સમયે તેમને એકસટેન્શન આપવામાં આવ્યું હતું.

તેમના બાદ આઈપીએસ આવિ શા ભાટિયાને ડી જી પા બનાવવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમને પણ તેમનાં બે વર્ષ કરતાં ઓછો સમય મળ્યો હતો. પછી નવી ગાઇડલાઇન પ્રમાણે તેમને પણ ૨ વર્ષ કાર્યકાળ પૂરો કર્યા બાદ એકસટેન્શન આપવામાં આવ્યું હતું.

# માલિયાસણ ગામે હાર્ટ એટેકમાં પ્રસુતા, વેપારી સહિત ૩ વ્યકિતના મોત

### માતાના મોતથી નવજાતે મમતા ગુમાવી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ ત્રણ માનવ જિંદગી કાળના ખપ્પરમાં હોમાઈ છે. જેમાં માલિયાસણમાં પ્રસુતા, સાગરનગર મફતિયાપરામાં વેપારી અને સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં આધેડનું હદયરોગના હુમલાથી મોત નીપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ માલિયાસણ ગામે રહેતાં હેતલબેન ભાર્ગવભાઈ હાપલીયા નામની ૩૫ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી. ત્યારે સવારે એકાએક ગભરામણ થવા માંડતા પતિને જાણ કરી હતી. એ દરમિયાન તે બેભાન જેવા થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. પરંતુ અહિં મૃતદેહ જ પહોંચ્યાનું તબિબે જાહેર કરતા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. મૃત્યુ પામનાર હેતલબેનને સંતાનમાં ત્રણ વર્ષની એક દિકરી હતી. ચાર દિવસ પહેલા જ તેમણે બીજા સંતાન દિકરાને ખાનગી હોસ્પિટલમાં જન્મ આપ્યો હતો. તબિબત સ્વસ્થ હોઈ રજા અપાઈ હતી. સવારે એકાએક તબીયત બગડતાં મૃત્યુ થયું હતું. તેમના પતિ ભાર્ગવભાઈ હાપલીયા માલિયાસણ કંપનીમાં નોકરી કરતાં હોઈ પતિ-પત્નિ અહિ રહેતાં હતાં. ગુબ વતન મધવાડા ગામે છે. બનાવને પગલે હાથલીય પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ છે. બીજા બનાવમાં જુના માર્કેટિંગ યાર્ડ પાછળ આવેલા સાગ નગર મફતિયાપરામાં રહેતા દીપકભાઈ સવજીભાઈ કુંઢીયા નામના પર વર્ષના આધેડ પોતાના ઘરે હતા. પ્રાથમિક પૂછપરછમાં મૃતક દીપકભાઈ કુંઢીયાને સંતાનમાં એક પુત્ર છે અને દીપકભાઈ કુંઢીયા રિક્ષામાં બટેટા ડુંગળીની ફેરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ ઉપરાંત ત્રીજા બનાવમાં ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ આવે સમ્રાટ ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં રહેતા ઉપેન્દ્રભાઈ રાજેન્દ્રભાઈ શાહ નામના ૫૫ વર્ષના આધેડ સવારના સાડા સાતેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે આધેડનું હદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું જાહેર કરતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# મહાત્મા ગાંધી મ્યુઝીયમના કંપાઉન્ડમાં નકલી ચલણી નોટો સાથે પોરબંદરનો પત્રકાર ઝડપાયો

### જામનગર રોડ પર ત્રણ એક્ટિવાની ઉઠાંતરી કરનાર ટેણીયો ઝડપાયોઃ ૮૬ હજારની કિંમતના ત્રણ વાહનો કબ્જે







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના જયુબેલી ગાર્ડન નજીક આવેલા મહાત્મા ગાંધી મ્યુઝીયમના કંપાઉન્ડમાં આવેલ ચરખા રેસ્ટોરન્ટ પાસેથી ભારતીય બનાવટની નકલી ચલણી નોટો સાથે પોરબંદરના પત્રકારને એસઓજીની ટીમે દબોચી લઇ રૂ.૧૦૦ના દરની નકલી નોટો સહિત રૂ.૬૪૮૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.


આ અંગેની માહિતી મુજબ એસઓજીના પીઆઇ એસ.એન.જાડેજા તથા પીઆઇ એન.વી.હરીયાણીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ વી.વી.ધ્રાંગુ, હેડ કોન્સ. હરદેવસિંહ, યોગરાજસિંહ, અનોકસિંહ સહિતનો સ્ટાફ જયુબેલી ગાર્ડનની આસપાસના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, પોરબંદરના વાડી પ્લોટ શેરી નં.૫ ઉકાભાઇની ઘંટી વાળી શેરીમાં રહેતો પત્રકાર હિતેષ કનુ દાવડા નામના પ્રૌઢ ભારતીય બનાવટની ચલણી નકલી નોટો સાથે મહાત્મા ગાંધી મ્યુઝમ કંપાઉન્ડમાં આવેલ ચરખા રેસ્ટોરન્ટ પાસે હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દોડી જઇ પત્રકાર હિતેષ દાવડાને દબોચી લઇ તેના કબ્જામાંથી ૬૪૮૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે બીજા બનાવમાં ક્રાઇમ બ્રાન્ચના હેડ કોન્સ. જયરાજસિંહ કોટીલા, રાજેશભાઇ જડુ તથા દિપકભાઇ સહિતનો સ્ટાફ જામનગર રોડ પેટ્રોલિંગમાં હતા ત્યારે ભુતનાથ મહાદેવ મંદિર પાસેથી એક્ટિવા મોપેડ લઇ એક ટેણીયો (કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર)ને અટકાવી વાહનના કાગળો અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ નહીં આપતા પોલીસને વધુ શંકા જતા આકરી પુછપરછ કરતા આ ટેણીયાએ અગાઉ ત્રણ એક્ટિવા ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે ત્રણેય વાહન કિંમત રૂ.૮૬૦૦૦ના કબ્જે કરી વધુ તપાસ શરૂ કરી છે.

# સ્વાતી મેઈન રોડ પર વિદેશી દારૂની ૨૭૮૪ બોટલ ભરેલ આઇસર પકડાયું

## ક્રાઇમ બ્રાન્ચની ટીમે નામચીન બુટલેગરને દબોચી લઇ આઇસર સહિત રૂ.૧૫.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

### ગુન્હા નિવારણ શાખાની ટીમે તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે દરોડા પાડી વિદેશી દારૂ સાથે બે શખ્સોને દબોચી લીધા






**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કૈલાશ ઈન્ડટ્રીઝ એરીયા ૮૦ ફૂટ રોડ પર સ્વાતી પાર્કના રસ્તે એફઆરસી પત્રાની આડામાં આઇસરમાં છુપાવેલો ૨૭૮૪ બોટલ વિદેશી દારૂ સાથે બુટલેગરની ગુન્હા નિવારણ શાખાની ટીમે ધરપકડ કરી રૂ.૧૫.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ પીસીબીના ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, પીઆઇ એમ.જે.હુણ, પીએસઆઇ પી.બી.ત્રાપજીયા, એએસઆઇ સંતોષભાઇ મોરી, મયુરભાઇ પટેલ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હેડ કોન્સ. કુલદિપસિંહ તથા વિજયભાઇ મહેતા અને યુવરાજસિંહને મળેલ ચોક્કસ બાતમીના આધારે કૈલાશ ઇન્ડટ્રીઝ એરીયામાં ૮૦ ફૂટ રોડ પર શ્વાતી પાર્કના રસ્તે કાબા એક્સપ્રેસ ટ્રાન્સપોર્ટની સામેથી આઇસર નંબર જીજે૩બીડબલ્યુ૩૨૫૧માં એફઆરસીના પત્રાની આડમાં છુપાવેલો વિદેશી દારૂની ૨૭૮૪ બોટલ સાથે આઇસરના ચાલક આશીષ રમણીક હિંગરાજીયા (રહે. ભવ્ય એપાર્ટમેન્ટ એ વિંગ ચોથા મળે બ્લોક નં.૪૦૧ સૌરષ્ટ્ર હોલ પાછળ ગોંડલ રોડ)ની ધરપકડ કરી દારૂ અને આઇસર સહિત કુલ રૂ.૧૫.૫૭ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે અન્ય દરોડામાં પીસીબીના એએસઆઇ મહિપાલસિંહ તથા ધનશ્યામસિંહ તથા હરદેવસિંહ સહિતના સ્ટાફે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર કૃતિઓનીલા કોમ્પલેક્ષમાં આવેલ સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયાની સામે પાર્કિંગમાંથી એક્ટિવા નંબર જીજે૦૩ડીએન૮૧૮૨માં વિદેશી દારૂની ૧૨ બોટલ, જોનીવોકરની લઇને નિકળેલ યશ નીરજ બદીયાણી (રહે. સ્કાય હાઇટ ફલેટ ગૌવરધનચોક)ની ધરપકડ કરી હતી. જયારે અન્ય દરોડામાં મવડી ગામમાં રામધણ આશ્રમની સામે પાર્થ મોટર ગેરેજના ખુલ્લા પ્લોટમાં જોનીવોકરની ૩૦ બોટલ કિંમત રૂ.૯૨૦૦૦ ના મુદ્દામાલ સાથે રજની ધીરૂ પાનસુરીયા (રહે. સુભાષ નગર શેરી નં.૧ કોઠારીયા રોડ નંદા હોલ પાસે)ની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલના ઘોઘાવદરની વાડીમાં જુગાર રમતા ૯ જુગારીઓ ઝડપાયા

### રોકડ, ૯ બાઇક અને ૧૧ મોબાઈલ સહિત ૬.૩૬ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલના ઘોઘાવદર ગામે ચાલો હોય જ્યાં એલસીબીએ દરોડો પાડી ૯ જુગારીઓને રોકડ રકમ તેમાં ૯ બાઇક અને ૧૧ મોબાઈલ સહિત ૬.૩૬ લાખના મુદ્દામાલ સાથે દબોચી લીધા છે.

ગોંડલ તાલુકાના ઘોઘાવદર ગામના ખારા વિસ્તારમાં આવેલી ખેતર વાડીના મકાનમાં કેટલાક લોકો જુગાર રમતા હોવાની બાતમી મળતાં જ એલસીબીની ટીમે દરોડો પાડીને જુગાર રમતા ખોડા ઘોઘાભાઈ સુરાણી (રહે. ઘોઘાવદર), રવિ હરસુખભાઈ બાવળીયા (રહે. ગોંડલ ભગવતપરા), રેગન માવજીભાઈ રેવર (રહે. ઘોઘાવદર), ઘનશ્યામ બટુકભાઈ ગમારા (રહે.વાછરા), દિવ્યેશ વીરજીભાઈ વિરડીયા(રહે.ઘોઘાવદર), હનીફ મહમંદભાઈ સમા (રહે.બંધીયા), હરેશ લીંબાભાઈ સાવલિયા (રહે.ઘોઘાવદર), યોગેશ સવજીભાઈ ઠુંમર (રહે. માંડણકુંડલા), જીગ્રેશ વીઠ્ઠલભાઈ ઘેલાણીને દબોચી લીધા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડ ૧.૬ લાખ તેમજ મોબાઈલ ફોન (કિ.૧,૨૦,૦૦૦),૯ મોટરસાયકલ (કિં.૪,૧૦,૦૦૦) અમે કુલ ૬.૩૬ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપી સામે જુગાર ધાર હેઠળ કાર્યવાહી કરી હતી. આ કામગીરમાં એલસીબીના પીઆઈ વી. વી. ઓડેદરાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહીલ, એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા, જયવીરસિંહ રાણા, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અનિલભાઈ ગુજરાતી, પોલીસ હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ જાડેજા, મનોજભાઈ બાયલ, પોલીસ કોન્સ્ટેબલ મહીપાલસિંહ ચુડાસમા અને દિલીપસિંહ જાડેજા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

# રાજકોટના નાણાવટી ચોકમાં આવેલ અતુલ બેકરીમાં આરોગ્ય વિભાગના દરોડા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલ નાણાવટી ચોકમાં આવેલ અતુલ બેકરીમાં આજે મનપાની આરોગ્ય વિભાગની ટીમે દરોડો પાડયો હતો. નોંધનીય છે કે, ગઈકાલે સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો વિડિઓ તે સંદર્ભે દરોડા પાડવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગ દ્વારા તપાસ શરૂ કરાઈ હતી અને અલગ અલગ ફ્લેવર્સના કેકના નમૂના લેવાયા હતા. જો કોઈ શંકાસ્પદ વસ્તુ મળશે તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે. તેમ આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.

# ગોંડલના જામવાડી અને લોધીકા વિસ્તારમાં થયેલી બે ચોરીનો ભેદ ઉકેલાયોઃ બેલડી ઝબ્બે

### તાલુકા પોલીસે રીબડા ચોકડી પાસેથી બોલેરો પીકઅપ વાહન અને મુદ્દામાલ સાથે દબોચી લઇ રૂ.૫ લાખની કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકા વિસ્તારમાં બાંધકામની સાઇટો પરથી લોખંડના માલ સમાનની અને ત્રાપાટેકાની ચોરી કરતી ગેંગ સક્રિય બની હોય ત્યારે ગોંડલ તાલુકા પોલીસે જામવાડી ગામે અને લોધીકા વિસ્તારમાં થયેલી બે ચોરીનો ભેદ ઉકેલી નાખી બેલડીને દબોચી લઇ રૂ.૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ પીઆઇ જે.એ.ખાચરની સુચનાથી એએસઆઇ આર.એસ.બોધરા, હેડ કોન્સ. ધર્મેન્દ્રસિંહ, પ્રતાપસિંહ, કિશનભાઇ, કોન્સ. રાજદિપભાઇ ધાંધલ સહિતનો સ્ટાફ રાજકોટ ગોંડલ હાઇ-વે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે રીબડા ચોકડી પાસેથી બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે૨૭એકસ૭૬૨૯ માં બે શખ્સો લોખંડની પ્લેટો ભરી શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી પુછપરછ કરતા બોલેરોનો ચાલક ભોલા ઠાકરસિંહ વિરમગામીયા (રહે. સરધાર મેલડી માતાના મંદિર પાસે ભુપગઢ રોડ, રાજકોટ) તથા મહેશ પરસોતમ વાઘેલા (રહે. હાલ કોઠારીયા-સોલવંટ મુળ ગામ ધારી અમરેલી) નામના બન્ને શખ્સોની અટકાયત કરી આકરી પુછપરછ કરતા આ શખ્સોએ ગત સ્પતાહે રાત્રીના જામવાડી ગામના ગેઇટની સામે ચાલતા નેશનલ હાઇવેના કામ ઉપરથી ખુલી જગ્યામાં પડેલ લોખંડની પ્લેટો ચોરી કરી હોવાની તથા લોધીકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટીલાળા ચોક આગળથી કણકોટ રોડ પેટ્રોલ પંપ તરફ સ્વાગત ગૌશાળા નજીક ખુલી જગ્યામાં લોખંડની પ્લેટો ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે બોલેરો સહિત રૂ.૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.